Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

The Atmanand Prakash. REGISTERED No. B. 431

मद्विजयानन्दसूरिसगुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

नैर्मल्यं मानसं च स्वपरहितकृते जायतेसत्प्रवृत्तिः
शुद्धं सम्यक्त्वरत्नं गुणगणकिरणैर्भासितं प्राप्यते यत् ।
शुद्ध ज्ञानानुरागो गुरुचरणरतिर्लभ्यते चापि पूर्णा
आत्मानंद प्रकाशे प्रसरति हृदये दुर्लभं किं जनानाम् ॥१॥

पु. १५. } वीर सं. २४४४—मागशर आत्म सं. २२. } अंक ५ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | મનુષ્યનું કર્તવ્ય. ... | ૧૦૩ |
| ૨ | શુદ્ધ અહિંસા અથવા દયાધર્મ માટે આપ્તપુરૂષોનો ઉપદેશ. | ૧૦૪ |
| ૩ | આનત્યત્વ. ... ... | ૧૦૫ |
| ૪ | એક પ્રાચીન જૈન મુનિનું ઉચ્ચ ચારિત્ર જીવન... ... | ૧૧૬ |
| ૫ | વર્તમાન સમાચાર. ... | ૧૨૨ |
| ૬ | શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ—પાલીતાણા વિષે કંઇક | ૧૨૨ |
| ૭ | એક શ્રીમાન્ નરરત્ન જૈન બંધુની મોટી સખાવત. ... | ૧૨૩ |
| ૮ | શ્રી જૈન એસોસીએશન ઓફ્ ઈંડીઆ મુંબઇએ શ્રીમાન હીંદી વજીરને આપેલું માનપત્ર. ... | ૧૨૪ |
| ૯ | પુસ્તક પહોંચ ... ... | ૧૨૫ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું-છપાતા ઉપયોગી ગ્રંથો.

## માગધી–સંસ્કૃત મૂળ, અવચૂરિ ટીકાના ગ્રંથો.

૧ " સત્તરીસય ઠાણ સટીક " શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
" સિદ્ધ પ્રાભૃત સટીક " પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે.
હા. શેઠ મગનલાલ કરમચંદથે રફથી.
૩ [illegible]નશેખરી કથા " શા, હીરાચંદ મહેલચંદની દીકરી બેન પશીબાઇ પાટણવાળા ત.
૪ " દાનપ્રદીપ " શા. મુળજી ધરમશી તથા દુલભજી ધરમશી પોરબંદરવાળાત.
૬ " ષટસ્થાનક પ્ર–સટીક " શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાતબાઇ માંગરોળવાળા તરફથી.
૭ " બંધહેતુદય ત્રિભંગી સટીક" શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી.
૮ " સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા" શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી.
૯ " ચૈત્યવંદન મહાભાષ્ય " શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા તરફથી.
૧૦ " પ્રતિક્રમણ ગર્ભ હેતુ" શા. મનસુખલાલ લલ્લુભાઇ પેથાપુરવાળા તરફથી.
૧૧ " સંસ્તાર પ્રકીર્ણ સટીક " શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી.
૧૨ " શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક " શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તરફથી.
૧૩ " ધર્મપરિક્ષા જિનમંડનગણિ કૃત " બે શ્રાવિકાઓ તરફથી.
૧૪ " પંચનિગ્રંથી સાવચૂરિ " ૧૫ પર્યંત આરાધના સાવચૂરિ "
૧૬ " પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણીસાવચૂરિ " ૧૭ " બંધોદયસત્તા પ્રકરણ સાવચુરિ "
૧૮ " પંચસંગ્રહ શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.
૧૯ " ષડ્દર્શન સમુચ્ચય "
૨૦ " શ્રાદ્ધવિધિ. | શેઠ જીવણભાઇ જેચંદ ગોઘાવાળા તરફથી.
૨૧ " ઉત્તરાધ્યયન સૂત્ર " શ્રીમદ્ ભાવવિજયજી કૃત ટીકા. બાબુ સાહેબ ચુનીલાલજી પન્નાલાલજી પાટણવાળા તરફથી
૨૨ " શ્રી વિજયાનંદ કેવળી ચરિત્ર (મૂળ) પાટણ નિવાસી બેન રૂક્ષમણિ તરફથી.
२३ विज्ञप्ति संग्रह.
२४ विजयदेव महात्म्य. (બે ભાગમાં ભાષાંતર વિગેરે ઉપયોગી સાથે).
२५ जैन ग्रंथ प्रशस्ति संग्रह. (જૈન ઇતિહાસનાં અંગભૂત સાધનો).
२६ जैन ऐतिहासिक राससंग्रह. २८ प्राचीन पांचमो कर्मग्रंथ. बाइ मणीबाइ जामनगरवाला तरफथी.
२७ लिंगानुसासन–स्वोपज्ञ टीका. ३० धातुपारायण.

---

## हालमां नवा ग्रंथो आगमो छपाववानी थयेली योजना.

१ श्री अंतगडदशा सूत्र सटीक. २ श्री अनुत्तरोववाइ सूत्र सटीक.
३ श्री [illegible]सूत्र सटीक श्रीमान् हरिभद्र सूरिनी टीकावाळुं. ४ श्री उपाशकदशांग.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः ॥

पुस्तक १९ ] वीर संवत् २४४४, मार्गशिर्ष, आत्म संवत् २२. [ अंक ५ मो.

## मनुष्यनुं कर्तव्य.

( સરસ્વતીચંદ્ર નાટકમાંનો–પરણીને પસ્તાવું–એ રાગ. )

જન્મીને મરવું, વળી પાછું અવતરવું, ઉંધે મસ્તક અદ્ધર લટકવું,
લખ ચોરાશી ફરવું, **એવા દુ:ખથી ડરવું રે, ધ્યાન પ્રભુનું ધરવું.** ૧
ક્રોધ માન મદ માયા મત્સર, લોભે પરધન હરવું,
કુમતિવશ કામાંધ બનીને, પર રમણીથી હળવું.
**એવા દુ:ખથી ડરવું રે, ધ્યાન૦** ૨
પ્રપંચ પાસે વિશ્વાસીને, લાલચ દેઇ છેતરવું,
ચોરી ચાડી ચુગલી કરવી જુઠું મુખ ઉચ્ચરવું.
**એવા દુ:ખથી ડરવું રે, ધ્યાન૦** ૩
મોહ મદિરા પાન કરીને, નહીં કરવાનું કરવું,
નિંદા ઇર્ષા હિંસા કરીને, પેટ પાપથી ભરવું.
**એવા દુ:ખથી ડરવું રે, ધ્યાન૦** ૪
સત્ય ક્ષમા સંતોષ દયાથી, પરહિત કરી દુઃખ હરવું,
સદાચારના સરળ પંથમાં, **સાંકળચંદ** સંચરવું,
**એવા ગુણથી મરવું રે, ફરી ફરી નહીં અવતરવું,** ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શુદ્ધ અહિંસા અથવા દયાધર્મ માટે આપ્ત પુરૂષોનો ઉપદેશ.

( લેખક—સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી મહારાજ—નવસારી )

કોઈએક સ્વદેશપ્રેમી હિતસ્વી મહાશયને આ દેશની ચાલુ સ્થિતિ તપાસતાં એમ જણાય છે કે પવિત્ર શાસ્ત્રકારોનો ' **अहिंसा** ' પરત્વે જે ઉચ્ચ આશય હતો તે ધીમે ધીમે ઘસાતો ઘસાતો હવે સંકુચિત અર્થમાં જઇ વિરમ્યો છે. જે કોઇ માત્ર મનુષ્યની કે અવાચક ક્ષુદ્ર જીવજંતુઓ હોય તેમના પ્રત્યે દયા–કરૂણા દાખવી તેમનીજ રક્ષા કરવી એટલા પૂરતોજ તેનો અર્થ માની જો વિરમી જવાય તો માનવજાતિ પોતાની જે ઉન્નતિ કરવાના ખરા માર્ગમાં નડતા અંતરાય માત્રનો ઉચ્છેદ કરી છેવટે અક્ષય–અવ્યાબાધ મોક્ષસુખ મેળવવા નિર્માયેલ છે તેઓ '**અહિંસા** ' ના વિશાળ અર્થને શી રીતે સિદ્ધ કરી શકશે ?

**'પ્રમત્તયોગાત્—પ્રાણવ્યપરોપણં હિંસા'**–મદ, વિષય, કષાય, આલસ્ય કે વિકથાદિ પાંચ પ્રમાદથી સ્વચ્છંદતાને વશ થઇ દુષ્ટ મન વચનથી અને તેવી કાયાથી સ્વપર પ્રાણનો વિનાશ કરાય તે **હિંસા.** તેનો જેમાં અભાવ તે **અહિંસા.** તેનું બીજું નામ ડહાપણ ભરી **દયા.** દયાનું સ્વરૂપ ( ભેદ ) સારી રીતે સમજીને તેનું સેવન કરવું તે **ડાહી દયા** અને તે વગરની બીજી કલ્પી લીધેલી દયા તે **ગાંડી દયા** અથવા **મુર્ખની દયા.** એવી આંધળી દયાથી લાભ પણ એવોજ (!) શાસ્ત્રમાં પણ સ્પષ્ટપણે ' **પહેલું જ્ઞાન અને પછી દયા** ' કરવા રૂપે જે આજ્ઞા પ્રાધાન્ય ધર્મ છે, તેથીજ તે સંબંધી વિશેષ સ્પષ્ટતા કરવાની જરૂર રહે છે. દયા, જયણા, કરૂણા, અનુકંપા અને અહિંસા એ બધા પર્યાયવાચક શબ્દો છે અને તેનો યથાસંભવ યથાયોગ્ય રીતે ઉપયોગ થઈ શકે છે. પ્રથમ તો જાણવાની જરૂર છે કે **પ્રાણ** મુખ્ય બે પ્રકારે છે. એક તો **દ્રવ્યપ્રાણ** અને બીજા **ભાવપ્રાણ**, તેમાં દ્રવ્યપ્રાણ દસ પ્રકારના કહ્યા છે તે **પાંચ ઇન્દ્રિયો** તથા **મન, વચન** અને **કાયબળ** અને **શ્વાસોશ્વાસ** તેમજ **આયુષ્ય** ૧૦, ભાવપ્રાણ મુખ્ય ચાર પ્રકારના છે. **સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર** અને **આત્મવીર્ય** ૪. આમાં ઉપર કહ્યા મુજબ દ્રવ્યપ્રાણની હિંસા તે **દ્રવ્યહિંસા** અને ભાવપ્રાણની હિંસા તે **ભાવહિંસા**; તેમજ સ્વપ્રાણની હિંસા તે **સ્વહિંસા** અને પરપ્રાણીની હિંસા તે **પરહિંસા** કહી શકાય છે. તે ઉપરાન્ત વળી **વ્યવહારહિંસા** અને **નિશ્ચયહિંસા** એવાં નામ પણ દ્રવ્ય અને ભાવહિંસાના હોઈ શકે છે, તેમજ **સ્વરૂપહિંસા**, હેતુહિંસા અને **અનુબંધહિંસા** જે અનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રમે ચઢીયાતી હિંસાના ત્રણ પ્રકાર કહ્યા છે. હિંસા માત્રથી અળગા રહી પ્રમાદ તજી સ્વપર આત્માની રક્ષા અને ઉન્નતિ કરવી તે વાસ્તવિક–ખરી **અહિંસા** છે. એવી અહિંસા ખરેખર કલ્યાણ–મંગળને કરનારી હોવાથી અવશ્યાવશ્ય આદરવા યોગ્ય છે **'ક્ષમા વીરસ્ય ભૂષણં'**–ક્ષમા=સાપરાધ જીવને પણ ક્ષમા આપવી એ ખરા વીરનું લક્ષણ અને ભૂષણ છે. ક્ષમાવંત–અંતઃકરણથી માફી આપનાર અને માંગનાર–ક્રોધાદિ ચાર કષાયો રહિત હોય તેજ ખરી દયા યા અહિંસાને યથાર્થ પાળી શકે છે. કષાયને કાબૂમાં રાખનાર વીર પુરૂષોજ વિષયો તજીને અમૃત જેવી સુખ-શાન્તિ ઉપજાવનારી અહિંસાને બરાબર સેવી–ઉપાસી શકે છે. કષાયને વશ પડેલા અવિરતિ=પામર જીવો તો તેવી **'ડાહી દયા'** થી દુરજ છે. ડહાપણ ભરેલી દયાનો લાભ તેમને મળી શકતો નથી. **'યાદશી ભાવના તાદશી સિદ્ધિ'** જેવી ભાવના તેવી સિદ્ધિ થાય છે. જે જ્ઞાની=વિવેકી સાધુજનોના પવિત્ર હૃદયમાં જીવ માત્રનું હિતચિન્તવનરૂપ **મૈત્રીભાવ** ૧, દુઃખી સંસારી માત્રનું દુઃખ દૂર કરવા સ્વાર્થત્યાગ ( દાને અભય ) કરવારૂપ **કરૂણા** ૨, સુખી અને સદ્‌ગુણીને દેખી કે સાંભળીને દિલમાં **પ્રમોદ** ૩, અને ગમે તેવા કઠોર પરિણામી પ્રાણી ઉપર પણ કરૂણા મિશ્રિત **ઉપેક્ષા** ૪. એવું સ્થાન કરીને સ્થિર રહે છે તેઓ ઉત્તમ પ્રકારના આત્મનિગ્રહ વડે ઉક્ત અમૃતકલ્પરૂપ અહિંસા વ્રતનું યથાર્થ સેવન કરી શકે છે; એટલુંજ નહિ પણ તે પંચ મહાવ્રતની સિદ્ધિ પણ મેળવી શકે છે. અદ્‌ભૂત અહિંસા વ્રતની સિદ્ધિ થતાં તેમની આસપાસ આવી રહેલાં હિંસારી જાનવરો પણ પોતાના જાતિવૈરને વિસરી જઈ દયાળુ પરિણામને ધારણ કરે છે, અને એકબીજા હળીમળીને રહે છે. જેમ નદીમાં પૂર ચઢી આવતાં તેનાં પાણી રેલાય જાય છે તેમ શુદ્ધ અહિંસા–દયાની પૂર્ણતા થતાં તે રેલાતાં આસપાસના પ્રદેશમાં અપૂર્વ શાન્તિ ઉપજાવે છે-વિસ્તારે છે, આવી અદ્‌ભૂત અપૂર્વ અહિંસા આર્યભૂમિ ઉપરાન્ત વિશ્વમાં ફરી રેલાવા પામો.

ઇતિશમ્.

# અનિત્યત્વ.

મનુષ્ય દૃષ્ટિને પરમ શાશ્વત તત્વ ઉપર દોરવા માટે જૈન શાસ્ત્રકારોએ ક્ષણીક અલ્પ સ્થાયી પદાર્થો ઉપરથી વિમોહ દૃષ્ટિ ખસેડવાનો માર્ગ ગ્રહણ કર્યો છે, અને એ માર્ગ અમને સંપૂર્ણ યોગ્ય તેમજ અનિવાર્ય જણાય છે. કેમકે જે પદાર્થ ઉપર મનુષ્ય હૃદયને સ્થિર કરવા માગતા હોઈએ તે પદાર્થથી વિરોધી પદાર્થ ઉપરનો વ્યામોહ પ્રથમ દુર થયા શિવાય તેમ કદી બની શકે નહીં, બાલકના હાથમાંથી કાંઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાનિકારક વસ્તુ પડી મુકાવવા માટે અને તેને સ્થાને કાંઇ શ્રેયસ્કર પદાર્થ મુકવા માટે પ્રથમ આપણે શું કરીએ છીએ? તે હાનીકર વસ્તુના અવગુણો તેના ઉપયોગથી થતા ગેરલાભો અને નુકશાનો તે બાલકને બાળકની ભાષામાં સમજાવીએ છીએ. ઘણી વખત બાળકને ગળે આપણો બોધ ઠસતો નથી, તે કદાગ્રહ પકડીને પોતાની પ્રિય પરંતુ અનિષ્ટકર વસ્તુને વળગી રહે છે, પરંતુ આપણા બોધની અસર આખરે તેના ઉપર થયા વીના રહેતી નથી, આખરે તે હાનીકર વસ્તુને છોડી દઇ શ્રેયસ્કર વસ્તુને તેનું સ્થાન આપે છે.

ઉત્ક્રાન્તિના માર્ગ ઉપર બાળકના સ્થાને વિરાજનાર મનુષ્ય આત્માઓના માટે પણ તેજ પ્રકારે શાસ્ત્રકારોએ પિતાનું પ્રેમાળ અંતઃકરણ ધારણ કરી ક્ષણીક, ચંચળ અને આપાતતઃ રમણિય ભાસતા, પરંતુ પરિણામે દુઃખને ઉપજાવનાર પદાર્થો તરફનો મોહ મનુષ્યના હૃદયમાંથી ખસેડવા પ્રયત્ન કર્યો છે, અને અમને જણાય છે કે તેઓએ જે વાણીમાં આપણને આપણી ક્ષણીક વસ્તુ સામગ્રી પડી મુકવા ઉપદેશ આપ્યો છે, તે આપણા બાળ-અંતઃકરણને સમજાય અને અનુકુળ પડે તેવી છે, ઘણા મનુષ્યો એવું માને છે કે જ્ઞાની જનો મુકત અંતઃકરણે જેવું જાણે છે તેવું કોઇની પરવા રાખ્યા વિના અથવા દેશકાળ કે જનસ્થિતિનો ખ્યાલ રાખ્યા વિના કહી નાખે છે, પરંતુ એ વાત ખરી નથી. ખરી હકીકત એ છે કે તેઓ પોતાના અસાધારણ જ્ઞાન પ્રભાવથી જે કાંઇ લક્ષ્યગત કરી શકે છે, તેનો અમુક અંશ આપણી પ્રજ્ઞા ગ્રહી શકે તેવી વાણીમાં, ભાવનામાં, અને શૈલીમાં વિવેક પૂર્વક દર્શાવે છે. જમાનાના હૃદયની ભાષામાં તેઓ પોતાનો ઉપદેશ વિસ્તારે છે, પોતાના હૃદયની ભાષામાં નહી, પોતાના અનુભવને યથા પ્રકારે જો તેઓ કહેવા જાય તો જનસમાજ તે અનુભવને પોતાના અધિકારની ખામીના કારણથી જરા પણ સમજી શકે નહી, આથી અમે માનીએ છીએ કે જ્ઞાની જનોએ બહુધા જે કાંઇ કહ્યું છે, લખ્યું છે અને ઉપદેશ્યું છે તે તે કાળના યુગની હૃદય સ્થિતિ, અધિકાર અને અંતઃકરણની સામગ્રીને લક્ષ્યમાં રાખીને કહ્યું છે, લખ્યું છે અને ઉપદેશ્યું છે.

પરંતુ એનો અર્થ એવો નથી કે જ્ઞાની જનો ખરા રહસ્યની વાતને પોતાના મનમાં છુપાવી રાખી માત્ર થોડી ઘણી વાતોજ વિશ્વને આપતા ગયા છે, એથી ઉલટું ખરી વાત એમ છે કે તે તે કાળની પ્રધાન ભાવનાઓને અનુસરીને તે તે યુગની વાણીમાં તેઓએ પરમ રહસ્યનું પરિસ્ફોટન કરેલું છે, અલબત તે ભાષા, શૈલી, પ્રકાર આદિ આપણને બહુ વિચિત્ર ભાસે અને તે બધુ છેકજ બાળકની વાતો જેવું જણાય, છતાં તે દ્વારા તેઓનો કથિતાશય અત્યંત મર્મપૂર્ણ અને વિશ્વના સનાતન સત્યોનું ઉદ્ઘાટન કરનાર છે. શાસ્ત્રકારોએ તદ્દન સાદી અને સીધી વાતોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવન અને વિશ્વના પરમ અદ્ભુત સત્યોનું પ્રતિપાદન કરેલું છે, પરંતુ આ સત્યોનું દર્શન કરવા માટે જે કાંઈ જરૂરનું છે તે માત્ર એટલુંજ કે તે તે હકીકતો ઉપરથી જે દેશકાળે તે ઉત્પન્ન થઇ તે દેશકાળની ભાવનાના પડો ઉતારી લઇ તે હકીકતને વર્તમાન યુગની શૈલી અને ભાવનામાં સમજવા પ્રયત્ન કરવો જોઈએ.

આપણુને પરમ :સત્યના માર્ગ ઉપર દોરવા માટે આપણા પ્રત્યે પિતાના હૃદય–ભાવનાથી શાસ્ત્રકારોએ અથાગ.શ્રમ સેવ્યો છે. અને તેમ કરવામાં પ્રથમ તો તેમને એમ જણાયું કે જ્યાંસુધી જન હૃદય ક્ષણીક, ચંચળ, અમુક અમુક રૂપરંગ વાળા, અમુક અમુક ઘાટ કે રચના વાળા પદાર્થોમાં લુબ્ધ છે, ત્યાં સુધી તે શાશ્વત, નિશ્ચય, પરમ તત્વને સમજી શકે તેમ નથી. જ્યાં સુધી અંતઃકરણને કીચડના ખાબોચીયામાં વસવું ગમે છે, ત્યાં સુધી મખમલ ને રત્ન જડીત શય્યાનું વર્ણન કે સુખ તેના હૃદયને કશોજ ખ્યાલ આપી શકે નહી. તેવા મનુષ્યો આગળ મોક્ષની અવસ્થાની વાતો કરવાથી તેમના મનમાં મુક્તાવસ્થાના સબંધમાં કરોળીઆના જાળા જેવી અસ્ત વ્યસ્ત દશા ઉપજે છે. તેમને તે અનુભવમાં કશી ગમ પડતી નથી, કશુંજ સુખ જેવું, આનંદ જેવું જણાતું નથી. અને કેટલીકવાર તો પોતાને તે કદી પણ નજ હો તેવું મનમાં ઇચ્છે છે. આનું કારણ એજ છે કે તેના અંતઃકરણનો નિવાસ જે ભૂમિકાએ છે, તે ભૂમિકા, એ ઉચ્ચતમ પદની કાંઇપણ રૂપરેખા આપી શકવા તદ્દન અયોગ્ય છે. આથી પ્રથમ જે કાંઈ આવશ્યક છે તે મનુષ્ય હૃદયને તેના હાલના પદથી કાંઇક ઉંચે લઇ જવા પ્રયત્ન કરવો જોઈએ. તેના મનમાં નિશ્ચય થવો જોઈએ કે પોતાની વર્તમાન ભૂમિકાથી, તેના હાલના પદથી–કોઈ ઉચ્ચતર ભૂમિકા અને પદ છે. તેનું હાલનું વિશ્વ એ બધુજ વિશ્વ નથી, પરંતુ અનંત વિશ્વનો એક અનંતમાં અંશ માત્ર છે. અને તેની હાલની ભૂમિકા એ તેણે આજ સુધી પસાર કરેલી અને હવે પછી પણ પસાર કરવાની અનંત ભૂમિકાઓ માંહેની એક છે. આવો નિશ્ચય જ્યાં સુધી તેના અંતઃકરણમાં જામે નહી ત્યાં સુધી તે પોતાની હાલની સામગ્રીને, હાલના સંજોગોને, અને હાલની પાદાર્થિક ઘટનાને સર્વસ્વ માનતો અટકે નહી. અને તેની દૃષ્ટિમાં કશીજ વિશાળતા, વ્યાપકતા, કે ઉંડાણ આવી શકે નહીં. આ પરિણામ લાવવા માટે શાસ્ત્રકારોએ આપણને અનિત્ય ભાવના વિચારવાની ભલામણ કરી છે.

આ ભાવના આપણા મનમાં જામવાથી આપણો ક્ષણિક પદાર્થો ઉપરનો મોહ નિવૃત થઈ, જે પરમ તત્વનો તે પદાર્થ અવિષ્કાર છે, તે પરમ તત્વનો અનુભવ કરવાની યોગ્યતા આપણામાં આવે છે. આપણે અમુક ઘાટમાં, રૂપમાં, આકારમાં, ફેશનમાં કે નામમાં મોહ પામતા બંધ પડીને એ સર્વનું મૂળ કારણ જે એક પરમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાશ્વત, નિશ્ચય, નિરપેક્ષ વસ્તુ છે, તે પ્રત્યે ભકિતભાવવાળા થઇએ છીએ. આપણું વિશ્વ પ્રત્યેનું હાલનું સાંકડુ વળણ બદલાઇને તેના સ્થાને એક અત્યંત ઉદાર, મહાન, બહુ દેશ કાળ વ્યાપી ભાવના પ્રતિષ્ઠિત થાય છે. તમને કહેવાની જરૂર નથી કે જ્ઞાન એ મગજમાં અમુક વાતોને સંઘરવા રૂપે નથી, પરંતુ ભાનરૂપે, ઉપયોગરૂપે, જ્ઞપ્તિ રૂપે ( state of consciousness ) છે. અને અનિત્ય ભાવનાનું ખરૂં સ્વરૂપ આપણા અંતઃકરણમાં સ્થિર થાય તો, આપણો હાલનો સાંકડો વિકૃત ઉપયોગ અથવા ભાન બદલાઇને તેના સ્થાને સત્યને અધિક સમિપનો ઉપયોગ આવતો હોવાથી, આપણે ખરા અર્થમાં અધિક જ્ઞાનવાન બનીએ છીએ. આમ થાય એજ સાચા અર્થમાં સમજણ, જ્ઞાન અથવા ડહાપણ (wisdom) છે. જ્ઞાન એ અન્ય કશુંજ નહી, પરંતુ દૃષ્ટિનો ફેર, વળણનું બદલાવું, એજ છે. ગોખવું કે મગજમાં ધારી રાખવું તે જ્ઞાન નથી. મગજમાં ધારી રાખવાનો બહુ તો એટલોજ અર્થ છે કે પુસ્તકમાં હોવાને બદલે મગજમાં તે માહિતી સંઘરવાથી પુસ્તક વેંઢારવાની જંજાળ બંધ પડે.

આપણી વર્તમાન દૃષ્ટિ એટલી બધી સંકુચિત અને અલ્પ પ્રદેશવ્યાપી છે કે આપણને આપણી આસપાસનું બધુજ નિત્ય, સ્થીર, સ્થાયી ભાસે છે. એક અલ્પ સરખા વર્તમાન જીવન દરમ્યાનમાં આપણે નસીબે સાંપડેલી અનિષ્ટ ભાસતી ઘટનાઓને આપણે જાથુની, હમેશની માની લઇને ખેદ પામ્યા કરીએ છીએ, અને તેજ પ્રકારે કાંઈ સુખાનુભવ કરાવનાર સંયોગની પ્રાપ્તિમાં પણ નિરંતરને માટેનું સુખદાયીત્વ કલ્પીને હર્ષ પામીએ છીએ. વાસ્તવમાં આપણું વર્તમાન જીવન અથવા ભવ એ આપણા અનંત જીવનનો એક અનંતમો અંશ માત્ર છે, અને તેટલા સ્વલ્પ કાળનું સુખદુઃખ આપણા અનંત જીવન ઉપર કશુંજ લેખામાં નથી. છતાં આપણી સંકીર્ણ દૃષ્ટિ તેટલા નાના સરખા કાળના ખંડને સર્વકાળ માની લઇને, તે કાળવ્યાપી સુખદુખ કે હર્ષ શોકના પ્રસંગને લઇ વ્યામોહ વશ બને છે. આમ થવાનુ કારણ એટલુંજ કે આપણે તે તે સ્હેજ સરખા અને ક્ષણસ્થાયી પ્રસંગને નિત્યનો ચિરસ્થાયી માની લઇએ છીએ. દૃષ્ટિની આ ભુલ મટાડવા માટે અને વિશાળ, વ્યાપક, બૃહત્ ભાવના પ્રાપ્ત કરવા માટે આપણે આપણી આસપાસની સર્વ ઘટનાઓનું અનિત્યત્વ ક્ષણિકત્વ, ચંચળપણું સમજવાની જરૂર છે. જ્યાં સુધી તેમ થાય નહી ત્યાં સુધી આપણો વ્યામોહ, વ્યાકુળતા, દુર થાય નહી. આપણે સ્હેજ સ્હેજ પ્રસંગોમાં હર્ષ શોક પામતા અટકીએ નહી, અને જીવનનો ખરો મર્મ લક્ષ્યગત કરવા સમર્થ બનીએ નહી.

જ્ઞાનદૃષ્ટિ, આપણી પ્રાકૃત દૃષ્ટિ કરતા વિશ્વ અને તેમાં ચાલી રહેલી અનંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગડમથલ, અનંત વ્યાપારમાં કાંઇ જુદુજ જુએ છે. તેમની દૃષ્ટિ અનંત કાળવ્યાપી હોય છે. અનંત યુગોને તેઓ હથેળીમાં જુએ છે. જીવન અને મરણને તેઓ તેના વાસ્તવ સ્વરૂપમાં વાસ્તવ દૃષ્ટિથી જુએ છે. પ્રિયવાચક ! ચાલો આપણે પણ ક્ષણકાળને માટે આપણી માનસ ચક્ષુ ઉપરના ઘન પડળ ઉતારી નાખી, જ્ઞાની જનોના ચશ્મા ધારણ કરી તેમની દૃષ્ટિએ પ્રતિત થવા યોગ્ય વિશ્વની ઘટના વિલોકીએ. આપણે જાણીએ છીએ કે અત્યારે તો એ ચશ્મા આપણે ઘડીભર ઉછીના માગી લીધેલા માત્ર છે, પરંતુ ઈશ્વરી નિયમને અનુસરીને એ દૃષ્ટિ આપણને પણ એક કાળે પ્રાપ્ત થવા નિર્માણ થએલી છે. અત્યારે તો આપણા પ્રાકૃત જીવનમાં એ દૃષ્ટિ વડે પ્રાપ્ત થતા નિરતિશય આનંદનો એકાદ અંશ માત્ર કલ્પનાથી અનુભવવાનો છે.

એ ચશ્મા ધારણ કરી આપણી આસપાસ અવલોકતા પ્રથમ આપણે શું ભાળીએ છીએ ? જડ પદાર્થમાંથી બનાવેલી વસ્તુઓ, યદ્યપિ તે ગમે તેવી મહાન અને નજરને આંજી નાખનારી ભાસે, પરંતુ તેમાં આપણે મોકળપણું, અનિત્યપણું, ક્ષણસ્થાયીપણું જોઇએ છીએ. ગગનચુંબી પ્રાસાદો, નજર પણ ન પહોંચી શકે તેટલે દુર ઉંચે આકાશ પ્રદેશમાં આવેલા હર્મ્ય શિખરો, વિપૂળ દ્રવ્ય વ્યયથી ઉપજાવેલી મનોહર ઘટનાઓ પ્રાકૃત હૃદયમાંથી અવ્યકત ભાવે " અહા ! " નો આશ્ચર્યસૂચક ઉદ્ગાર કઢાવનાર અદ્ભૂત બુદ્ધિ પ્રભાવમાંથી ઉપજેલી કળાના નમુનાઓ, એ સર્વમાં આપણે કાળનો વિનાશકારી હસ્ત ઝડપથી કામ કરી રહેલો જોઇએ છીએ. અસંખ્ય હાથ અને અસંખ્ય મગજ ભેગા થઇને જે ઘટના પ્રાદુર્ભાવ પામી છે, તે ઘટના તેના નિર્માણની બીજીજ ક્ષણથી મૃત્યુ ભણી, વિનાશ ભણી, પગલા ભરતી હોય છે. પદાર્થ માત્રનું સ્વાભાવિક વળણ પોતાના મૂળ સ્વરૂપ ભણી ગતિ કરવાનું હોય છે. મોટી ઈમારતોમાંથી કાંકરી કાંકરી ખસતા તે આખરે ધરતીમાતાની ગોદમાં લપેટાઇ પડે છે. પદાર્થ માત્રને પોતાના સ્વભાવમાંથી ભ્રષ્ટ થવું જાણે ન ગમતું હોય, પરંતુ મનુષ્ય બુદ્ધિ પોતાના સામર્થ્યના પ્રભાવથી જાણે તેને બળાત્કારે તેના પ્રકૃત સ્થાનમાંથી તાણી લાવી પોતાના ઉપયોગમાં લેતી હોય એવો ઘાટ ચો તરફ બની રહેલો જણાય છે અને બળાત્કારે સ્વેચ્છા વિરૂદ્ધ અમુક આકારને પામેલા પરમાણુઓ બને તેટલી ત્વરાથી પોતાના મૂળ સ્થાન ઉપર જવા માટે તલપાપડ થઇ રહેલા હોય એ પણ તેટલુંજ સ્પષ્ટપણે ભાસ્યમાન થાય છે.

મહાન સંસ્કૃતિઓ ( civilizations ) ઉત્થાન પામે છે ઘણા કાળ પર્યંત જન હૃદય ઉપર પ્રાધાન્ય ભોગવે છે. અને પાછી કાળના ચક્રમાં અટવાઇ પડીને જોતજોતામાં લોપ પણ પામી જાય છે. તેની પછવાડે વળી કાંઇ બીજીજ જાતની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્કૃતિ પૂર્વની સંસ્કૃતિનું સ્થાન ગ્રહણ કરે છે. તે પણ પાછી અભ્યુદય, ઉત્કર્ષ અને પતનની ભૂમિકાઓમાંથી પસાર થઈને કાળના અનંત મહાસાગરમાં કયાંઈ ગુમ થઇ જાય છે. જાતિઓ અને પ્રજાઓ પોતાની જંગલી દશામાંથી બહાર નિકળી સ્થૂળ વિભવની ટોચે પહોંચે છે, અને પાછી એજ વિભવના ભાર નીચે ચગદાઇને નષ્ટપ્રાય: થઇ આખરે આ વિશ્વની નાટ્યભૂમિમાંથી અલોપ પણ થઇ જાય છે. પ્રાચીન આર્યનીતિનો જગતવ્યાપી ઉત્કર્ષ, ઇજીપ્ત, રોમ, ગ્રીસ, બાબીલન, એસીરીઆ, પરશીઆ આદિ દેશોની ભવ્ય જાહોજલાલી, મુસલમાન ધર્મ સંસ્થાપક મહા પુરૂષનો, એક હાથમાં કુરાન અને એક હાથમાં તલવારવાળો દિગ્વિજય, યુરોપનું ક્રિશ્ચિયન ભાવનાવડે અનુપ્રાણિત થવું, એ વિગેરે બધા દૃશ્યો આજે સીનેમેટોગ્રાફની ફીલ્મની પેઠે આપણી માનસ દૃષ્ટિ આગળ થઇને પસાર થાય છે, તે બધું કાળની અંધારી ગુહામાંથી આવી, ક્ષણવાર ખદ્યોતનો પ્રકાશ ફેલાવી, તુર્તજ પાછું અદૃશ્ય થઈ જાય છે. પૃથ્વીની તળેટી નીચે બહુ ઉંડા સુધી ખોદી જોતા ત્યાં મહાન સંસ્કૃતિઓના સ્પષ્ટ ચિન્હો જણાય છે. આજે તેનો કશો ઇતિહાસ, દંતકથા કે સૂચક ચિહ્ન સરખું પણ અવશેષ નથી. આજે જ્યાં આટલાંટિક મહાસાગરનો વિપૂલ જળસમૂહ રેલાય છે, ત્યાં એક વખત વિસ્તૃત અને સભ્યતાની ટોચે પહોંચેલો દેશ હતો. આજે કયાં છે તેનું સ્હેજ સરખું સ્મરણાવશેષ પણ? તે પહેલાં અગણીત કાળ પૂર્વે, આજે જ્યાં પાસિફીક અને હીંદીમહાસાગર પોતાના અગાધ જળરાશી ઉડાડી રહ્યા છે ત્યાં એક કાળે લેમુરીઆ નામનો દેશ હતો, અને દુનિયામાં પોતાની સભ્યતા અને પ્રગતિશીળતા માટે તે કાળે સરસાઈ ભોગવી રહ્યો હતો. આજે કયાં છે તેની સ્મૃતિનાં સંભારણા? તેના વતનીઓ, તેમના રિતરિવાજો, તેમના કાયદા—કાનુનો અને ધારા—ધોરણો, તેમની સુધારાની સંભાવનાઓ, તેમની રાજનીતિઓ અને ધર્મભાવનાઓ, તેમની કૌટુમ્બિક ઘટનાઓ અને સામાજીક વ્યવસ્થાઓ એ સંબંધે કશો ખ્યાલ પણ આજે આપણને આવી શકતો નથી. કાળની રેતી ઉપર તેમનું સ્હેજ સરખું પદચિહ્ન પણ કોણ બતાવી શકે તેમ છે?

પરંતુ એટલી તો આપણે કલ્પના કરી શકીએ એમ છીએ કે તે પ્રજાઓ પોતાના જમાનામાં પોતાને સંસ્કૃતિ અને સભ્યતાના શિખર ઉપર પહોંચેલી માનતી હશે, તેઓ પોતાના કળા--કૌશળ અને સુધારાની મસ્તિમાં એમ માનતી હોવી જોઇએ કે બસ, મનુષ્ય બુદ્ધિ જેટલે દૂર વધી શકવા નિર્માએલી છે તેની પરાવધિએ અમે પહોંચ્યા છીએ, અને હવે પછીના જમાના માટે વિશેષ સુધારા કે પ્રગતિનો લેશ પણ અવકાશ અમે મૂકતા જવાના નથી." તેમને તેમની જાહોજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાલીના અંગે આવવા યોગ્ય અભિમાન એમ મનાવતું હશે કે આપણી સંસ્કૃતિ હવે હમેશને માટે આ વિશ્વ ઉપર કાયમ રહેશે, કેમકે પૂર્વે વિનાશ પામેલા મહારાજ્યો અને પ્રજાઓ જે કારણોથી પતનના માર્ગ તરફ ગબડી પડ્યા હતા તે કારણોનો આપણે સદંતર આપણા સંબંધે પરિહાર કરેલો છે. તે કાળના રાજદ્વારીઓ, સેનાપતિઓ, રાજ્યના કાવાદાવા અને છળ યુક્તિમાં પ્રવિણ પુરૂષો જેને આજની સુધરેલી વાણીમાં (diplomatist) કહેવામાં આવે છે તેઓ મંત્રીઓ આદિ એમજ માનતા હશે કે અમારા બધાના એકત્ર બુદ્ધિબળથી અમે અમારી ઉપજાવેલી સંસ્થાઓને હમેશને માટે આ દુનિયા ઉપર રોપતા જઇશું. પરંતુ હાય! તે બધા તેમની ઉપજાવેલી ઘટનાઓ અને સંસ્થાઓ સહિત કાળના પ્રવાહમાં ક્યાંઇ ઘસડાઇ ગયા છે! ઇતિહાસનું પુસ્તક તેમના સંબંધે તદન મૌનધારણ કરી પડ્યું છે. તેમણે પણ હાલના નામાંકિત પુરૂષોની પેઠે પોતાના ગૌરવની નોંધ લેવા માટે તે કાળના પ્રવીણ લેખકો, કવિઓ અને ઇતિહાસકારોને સુંદર પગાર આપી રોક્યા હશે, અને તેમના કળાપૂર્ણ લખાણો પોતે વાંચી જોઇને, ભવિષ્યની પ્રજા પોતાના માટે કેવા આશ્ચર્યસૂચક ઉદ્ગારો કાઢશે તેના તરંગોની મસ્તીના હીંદોલ ઉપર ચઢ્યા હશે. ભાવિની પ્રજાના અંતઃકરણમાં પોતાને સ્થાન મળે, અને તે રૂપે પોતાના અભિમાનને તૃપ્તિ મળે, તેટલા માટે તેમણે તે તે કાળના ધોરણોને અનુસરીને કાંઇ કાંઇ ઉથલપાથલો કરી હશે, પરંતુ તેમની કથનીને કહેનાર આજે લેશ સરખું પણ અવશેષ ક્યાં છે ? તેમના ઉભા કરેલા કીર્તિધ્વજો, તેમના ગૌરવ અને મહત્તાનું લ્હેકાવીને વર્ણન કરતા શીલાલેખો અને સ્તંભો એમાંનું કશું જોવામાં આવતું નથી. માત્ર કોઇ કોઇ સ્થાને, ધરતીમાતાએ પોતાના દેહની ગંભીર ઉંડાણોમાં તે સ્તંભો અને તે પુતળાઓના ભાંગેલા કટકાઓ ધારણ કરી રાખ્યા હશે, અને તેમને માટીમાં મળી જતા રોકી રાખી, તેટલા દરજ્જે તે પુરૂષોના અભિમાનને સફળતા અર્પી હશે.

જ્ઞાનદૃષ્ટિ અનિત્ય ભાવનાના દીવ્ય ચશ્મા ધારણ કરી જોઇ શકે છે કે આવુંજ નસીબ પ્રજા માત્રના શીરે લખાએલું છે. પ્રત્યેક સભ્યતા, પ્રત્યેક સંસ્કૃતિ, પ્રત્યેક જાહોજલાલી માટે આવુંજ ભાવિ નિર્મીત થઇ ચુકેલું છે. આજની વીશમી સદીનો, નજરને આંજી નાંખનારો અતિ ઉજ્જવલ પ્રભાવ આવતી કાલે નહી હોય. આપણા સુદૃઢ રાજકીય બંધારણો, સેંકડો વર્ષના કાળનાં ઘસારામાં પણ જેવીને તેવી નભી રહેલી આપણી સામાજીક વ્યવસ્થાઓ, આપણી ભક્તિવૃત્તિમાંથી ઉપજી આવેલા અસંખ્ય દેવમંદિરો, અનેક બુદ્ધિમાનોની બુદ્ધિના એકત્ર સંયોગોમાંથી ઉદ્ભવેલી જાહેર સંસ્થાઓ, હુન્નર ઉદ્યોગ અને વ્યાપારની શૃંખલાથી વિશ્વ માત્રને થોડા ચોરસ વારમાં જકડી રાખનારી અતિ ધનવાન પેઢીઓ, જડવાદના અનુચરરૂપ તાર, રેલવે નૌકા આદિ સ્થળના અંતરોને ભેદી નાખનારા અદ્ભૂત સાધનો, એ બધું આંખના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પલકારામાં ક્યાંઇ લય થઈ જવાનું છે. આપણે પોતે પણ ચાલ્યા જશું. આપણા કાર્યો બધા ભૂલાઇ જશે. આપણી સંસ્કૃતિના ખંડેરો ઉપર નવી સંસ્કૃતિઓ ઉભી થશે. આપણા ગુમાન, અભિમાન અને પતરાજીના જે કાંઇ ચિન્હો રહેશે તેના ઉપર ભવિષ્યની પ્રજાઓ કાંઇ કાંઇ માર્મિક હાસ્યો કરશે. ભવિષ્યના ઇતિહાસકારો એ સ્મરણાવશેષો ઉપરથી કાંઇ કાંઇ અટકળો બાંધી આપણી સ્થિતિ રીતિ વિગેરેના નિશ્ચયો રચશે, આપણા ગૌરવની પ્રિયતમ સામગ્રીની ભસ્મોના ઢગલા ઉપર કાંઈ કાંઇ નવા ચણતરો ચણાશે. આપણે કોણ હતા, કેવા હતા, એ શોધી કાઢવા માટે ભવિષ્યની પ્રજાઓ કૌતુહલ દર્શાવશે.

તમને કદાચ અમારૂં આ બધું કથન અતિશયોક્તિથી ઉભરાતું ભાસશે, પરંતુ વાસ્તવમાં તેમ નથી. આ બધા દેખાવો તમારી હાલની દૃષ્ટિએ સ્થીર અને ખડક જેવા અચળ ભાસે છે. પરંતુ તેમ હોવામાં કારણભૂત શું છે એ તમે જાણો છો ? તેનું કારણ કાળની અચિંત્ય શક્તિ છે. એકજ ક્ષણ આપણને હજારો યુગ જેટલી પણ ભાસી શકે અને હજારો યુગ એક ક્ષણ જેટલા પણ ભાસી શકે. આંખની એક પલકમાં સાડા સતર ભવ કરનાર નિગોદના જીવોને તેમનું આયુષ્ય, આપણા મનોભાવને ભાસે છે તેવું અલ્પ નહીજ જણાતું હોય. તેઓ જન્મતા હશે, ધીરે ધીરે વધતા જતા હશે, આયુષ્યના મધ્ય કાળમાં આવતા હશે, નૈસર્ગીક નિયમાનુસાર તે કાળે તેવા જીવો ઉપજતા હશે, અને ધીરે ધીરે ક્ષીણ થઇ છેવટે મરતા પણ હશે. આપણા પોતાના આયુષ્ય સંબંધે જેવું આપણને ભાસે છે તેવુંજ તેમને પણ તેમના ભાન અને ઉપયોગના તારતમ્યને અનુસરીને જરૂર ભાસતું હશે. તેમના મનથી તેમને તેમનું જીવન સ્થીર, ધીરે ધીરે વહતુ અને ચંચળ ભાસતુ હશે. પરંતુ તેમના કરતાં આપણા ઉચ્ચતર જ્ઞાનની દૃષ્ટિએ શું તેમ છે ? ના. એજ પ્રકારે આપણી આસપાસનું જે કાંઈ સર્વ આપણને સ્થીર, સુદૃઢ બહુ કાળ વ્યાપી ભાસે છે તે આપણા કરતા અધિક જ્ઞાનવાન આત્માની દૃષ્ટિએ ક્ષણ સ્થાયી, પલકારા પછી લોપ થઈ જવાના સ્વભાવવાળુ અને જળના બુદ્બુદ જેવું વિનાશી ભાસે છે. સંસાર અને તે માંહેના પદાર્થોને જ્ઞાનીજનોએ ચંચળ, ક્ષણસ્થાયી આદિ વિશેષણો આપ્યા છે તે કદાચ આપણી અલ્પજ્ઞ દૃષ્ટિને સાચા ન જણાય, પરંતુ જ્ઞાનદૃષ્ટિને તે બીજીજ ક્ષણે નાશ પામવાના સ્વભાવયુક્ત જણાય છે. કેમકે તેમની દૃષ્ટિ આપણી પેઠે સંકુચિત હોતી નથી. અનંત યુગો અનંત સંસ્કૃતિઓ, તેમની દૃષ્ટિ આગળ થઇને વરઘોડાના સરઘસ રૂપે ચાલી ગયેલી હોય છે. આપણા સ્થાયીપણાનું આપણું ગુમાન તેમને અનુકંપા મિશ્રિત હાસ્ય ઉપજાવે તેમાં શું નવાઇ છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક ધર્મો, અનેક સંપ્રદાયો, અનેક ફીલોસોફીઓ, અનેક જીવન-નિયામક ભાવનાઓ, કાળના અનંત મહાસાગર ઉપર બુદ્દબુદની પેઠે ઉપજી આવ્યા છે, અસંખ્ય મનુષ્યોના હૃદય ઉપર ઘણા કાળ પર્યંત સામ્રાજ્ય પ્રવર્તાવ્યું છે, વળી ધીરે ધીરે અવનતિના પથ ઉપર ઢળતા ઢળતા ક્ષીણતાને પ્રાપ્ત થયા છે, અને આખરે તેમણે પોતાના સ્વરૂપમાંજ ઉપજાવેલા વહેમો, અંધ પરંપરાઓ, કર્મકાંડની વિવેકહિન વિધિઓ એ બધાના ભાર તળે ચકદાઈને લોપ પણ પામી ગયેલ છે. વિશ્વના બધા ધર્મોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો ઇતિહાસ બધો લગભગ એકજ દ્વારાએ એકજ ક્રમ ઉપર વહેલો અમને ભાસે છે. એક મહાત્મા સત્યનો એક અંશ વિશ્વને આપે છે, તેના પછીના મુખ્ય શિષ્યો એ સત્યના અંશ ઉપર સંપ્રદાયરૂપી ભવ્ય મંદિર બાંધે છે. અનેક ભકત અંતઃકરણો તેની આસપાસ એકત્ર થઈ તેની પૂજામાં લાગી જાય છે, અને ભક્તિના આવેગમાં એ સંપ્રદાયરૂપી મંદીર ઉપર પોતાના તરફથી કાંઇ અવનવા આચારો, વિધિઓ, કર્મકાંડો રૂપી પથ્થરચઢાવ્યે જાય છે. કાળે કરીને, લોકોની દૃષ્ટિ એ મૂળ સત્યના અંશને ભૂલી જાય છે. આખરે કાળયોગે એ સંપ્રદાયની ઇમારત પોતાનાજ ભારથી ત્રુટી પડે છે, વળી તે ત્રુટી પડેલી ઇમારતના લય ઉપર કોઇ બીજીજ ઇમારત ખડી થાય છે, તે પણ પૂર્વની ઇમારતની પેઠે ધીરે ધીરે વધીને પોતાના પ્રભાવમય જીવનના મધ્ય કાળમાં આવે છે, અને કાળના બળથી આખરે તે પણ લય પામે છે. હમેશા આમજ બનતું આવ્યુ છે, અને બન્યેજ જશે નિયમજ એવો છે. મનુષ્યનું કાર્ય અચળ નથી. મનુષ્ય પોતેજ ચળ, ક્ષણસ્થાયી છે તો પછી તેનું કાર્ય પણ તેવુંજ હોય તેમાં શું આશ્ચર્ય છે?

જેમ સ્થૂળ સૃષ્ટિમાં ઉપાદાન એક હોવા છતાં તેના આકારો નવા નવા રૂપે આપણી દૃષ્ટિ આગળ આવતા હોવાથી તે આપણને નવીનતાનો આભાસ આપે છે, તેમ ભાવનાની સૃષ્ટિમાં પણ ઉપાદાન એકજ હોવા છતાં, તેની તે ભાવના નવા નવા રૂપે, નવા નવા માનસ-પોશાકમાં આપણી સમક્ષ રજુ થઇ નવીનતાનો આભાસ આપ્યા કરે છે. એ બાહ્ય પરિવેશ જેમની દૃષ્ટિને બાધા કરી શકતો નથી તેઓ જોઇ શકે છે કે એક તત્વ દર્શન એક કાળમાં જે રૂપે હોય છે તેજ રૂપમાં માત્ર પોશાક બદલાવીને બીજા કાળમાં વિશ્વના નાટ્ય મંડપમાં હાજર થાય છે. તથા એક દેશમાં, તે દેશની પરિસ્થિતી, સંયોગો, નિયામક-ભાવનાઓ આદિ વડે વિશિષ્ઠ બનીને અમુક સ્વરૂપમાં પ્રતિત થતું તત્વ દર્શન, બીજા દેશમાં તે દેશના સંયોગો, રિવાજો આદિ વડે સંસ્કાર પામેલા આકારમાં નજરે પડે છે. અર્થાત ત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્વમાં વાસ્તવ ભેદ ન હોવા છતાં આપણા માનસ–ચક્ષુને તે જુદાજ પ્રકારના તાત્વિક મૂલ્યવાળું જણાય છે. ઈશ્વરી નિયમ કહો કે કુદરતી કાયદો કહો. પરંતુ તેમાં એવું જણાય છે. બધું સ્થૂળ સૂક્ષ્મ અનિત્ય હોવા છતાં તે મૂળ ઉપાદાનરૂપે એકજ છે અને તે જુદા જુદા કાળમાં જુદો જુદો આડંબર ધારણ કરીને હૃદયને નવીનતાની છાપ અર્પે છે. ભાવનાના ઇતિહાસની ફીલ્મ ( film ) તત્વત: એકજ પ્રકારના ચિત્રો પોતાની સામેના પટ ઉપર નાંખ્યા કરતી જણાય છે. મનુષ્ય હૃદયને એકનો એક લેબાશ અને એકનું એક રૂપ ગમતું નથી, તેથી તેની તે વસ્તુ અગર તે સ્થૂળ હો કે સૂક્ષ્મ હો,–જડપદાર્થરૂપે હો કે ભાવનારૂપે હો,–નવા નવા વેશ ધારણ કરીને જન મનનું રંજન કરે છે. Sirmonier Williams નામનો સમર્થ પંડિત એક સ્થાને ઠીકજ લખે છે કે–Hindus were Spinozites more than two thousand years before the existence of spinoza; and Darwinians many centuries before Darwin; and Evolutionists many centuries before the doctrine of Evolution had been accepted by the scientists of our time and before any world like evolution existed in any language of the world." અર્થાત:–સ્પીનોઝાના અસ્તિત્વ પહેલા બે હજાર વર્ષ પૂર્વે હિંદુઓ સ્પીનોઝાના મતાનુયાયી હતા, અને ડારવીનના પૂર્વે અનેક શતક પહેલાં ડારવીનના મતાવલંબીઓ હતા, અને વર્તમાન કાળના વૈજ્ઞાનિકોએ ક્રમિક વિકાસનો સિદ્ધાંત સ્વીકાર્યો તથા દુનીયાની કોઇપણ ભાષામાં " ક્રમિક વિકાસ " ને સુચવનારો કોઇપણ શબ્દ ઉત્પન્ન થયો તે પહેલાં પણ ઘણા સૈકાઓ પૂર્વે તેઓ ક્રમિક વિકાસવાદીઓ હતા. Professor Davies પણ એજ ભાવને અભિવ્યક્ત કરતા સાંખ્યદર્શન સંબંધે એક સ્થાને જણાવે છે કે " In this Espect the human intellect has gone over the same ground that it has occupied more thon two thousand years ago " અર્થાત:–" આ વિષયમાં ( સાંખ્ય તત્વ સંબંધે ) બે હજાર વર્ષ પૂર્વે મનુષ્ય બુદ્ધિ જે સ્થાન ઉપર હતી તેજ સ્થાન ઉપર તેણે ભ્રમણ કર્યા કર્યું છે.

આ પ્રમાણે મનુષ્યની જ્ઞાન દૃષ્ટિ જે જે સ્થાનમાં પડે છે ત્યાં ત્યાં તે જોઈ શકે કે આ બધુજ અનિત્ય, ચંચળ, ક્ષણસ્થાયી, પલક પલકમાં નવો પરિવેશ ધારણ કરતું, અસત્ય, માયીક, પ્રાપંચીક, અને નદીના પુરની પેઠે ઝડપથી વહી જતુ છે. પરંતુ આ સત્યને બીજી બાજુ પણ છે એ ભૂલવું જોઇતું નથી. આ બધુ નાશ પામવાના સ્વભાવવાળું છે, આપણે પોતે પણ એક વખતે કુચ કરી જવાના છીએ, આપણા સગા, વ્હાલા, મિત્ર, પરિવાર, સ્ત્રી, પુત્ર, બંધુ, બ્હેન આદિ સર્વે પંખીના મેળા પેઠે ક્ષણભર ભેગા થયા છીએ અને બીજી ક્ષણે સૌ સૌના માર્ગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેરાઇ જવાના છીએ, આ બધો ખેલ પલક સ્થાયી છે. બીજી પલકે તે નહી હોય, એવી ભાવના તમને ગ્રહણ કરાવીને શું અમારો ઇરાદો એવો છે કે તમને સંસારથી વિમુખ, બેદરકાર, ઉદાસીન, પ્રેમહીન, શુષ્ક-હૃદયના, હૃદય-ભગ્ન બનાવવા ? અમારે કહેવું જોઇએ કે ઘણાખરા દર્શનોએ સત્યની એકજ બાજુનું જ્વલંત દર્શન કરાવીને ઉપરોક્ત અનિષ્ટ પરિણામ આણ્યું છે, અને ઘણા મનુષ્યોએ એટલાજ સત્ય ખંડ ઉપર દૃષ્ટિ સ્થાપીને, તેને અખિલ સત્ય માની લઇ પોતાના જીવનને દુખમય, નિર્વેદમય, ક્લેશપૂર્ણ, સુખ કે આનંદના એક પણ અંશ વિનાનું બનાવી મુક્યું છે. આવું જીવન એ વાસ્તવ મનુષ્ય જીવનની ભયાનક વિકૃતિ શિવાય અન્ય કશુજ નથી. સ્મશાનવાસી અઘોરી માણસની ખોપરીના હાર પેરવાવાળા રક્તથી ખરડાએલા નર પિશાચો પણ પોતાની મલીન ક્રીયાઓ અને આચારો વૈરાગ્યના સુંદર નામ તળે ચલાવે છે, છતાં કયો બુદ્ધિમાન તે ક્રીયા અને આચારોને વૈરાગ્યની ભાવનાનું સ્વાભાવિક પરિણામ લેખી શકશે ? એમ બનવું એ વૈરાગ્યની દીવ્ય ભાવનાની ભિષણ વિકૃતિ છે તેજ પ્રકારે અનિત્ય ભાવનામાંથી ફલીત થતા ભવ્ય સત્યની એકજ બાજુ ઉપર દૃષ્ટિ ઠરાવીને, તે એક બાજુને સર્વ બાજુ માની લઇ ઘણા મનુષ્યોએ પોતાના અંતઃકરણોને ભ્રાન્તિઓ, વ્હેમો, અને અણસમજોથી ભરી દીધું છે. જગતમાં બધુ ક્ષણિક છે, તેથી તેઓનું મન ખીન્ન, શોકાતુર અને દુઃખથી ઉભરાતુ રહે છે. તેમના ચક્ષુઓ ઉપર નિર્વેદ અને નિરાશાના, શોક, ગ્લાની, ખેદ, અને ક્લેશમયતાના કાળા ચશ્મા નિરંતર ચડેલાજ રહે છે. તેમના હૃદયની આંખોમાંથી નિરંતર ચોધારા આંસુ વહતા હોય છે, અને અંતરના પ્રતિધ્વનીરૂપ તેમના બાહ્ય દેખાવમાં પણ તેવોજ શોકોત્પાદક પરિચય આપણને મળે છે. તેઓ જ્યાં ત્યાં અનિત્યતાનું જાહેર નામું ફેરવી લોકોના મનને ઢીલા, નબળા અને પોચા બનાવે છે. "ભાઇઓ બધાને મરી જવું છે. કોઇ આજે તો કોઇ કાલે' એવા એવા વાક્યો વિવિધ વચન-ભંગીથી ઉચ્ચારીને તેઓ સત્યનો (!) ફેલાવો કરવાનું અભિમાન વેંઢારે છે, અને અધિક ખેદની વાત તો એ છે કે અધુરા જ્ઞાનવાળા આવા વાક્યોને લ્હેકાવી લ્હેકાવીને બોલનારાઓને લોકો ધાર્મીક, અધ્યાત્મી, ભગવતી, આદિ મિષ્ટ નામોથી ઓળખે છે.

એક લેખકે બરોબર કહ્યું કે "અધુરૂં જ્ઞાન એ બહુ ભયંકર વસ્તુ છે." જ્ઞાનના પ્રદેશમાં એ સત્યનો પરિચય અમને પગલે પગલે મળતો રહે છે. બધું અનિત્ય છે, માટે નિરાશ થઇ જ્યાં ત્યાંથી દુઃખે દીવસ વીતાવવાનો ઉપદેશ એ અનિત્ય ભાવનાના સત્યનું એકતરફી અને ખંડદર્શન છે. તે અખિલ સત્યરૂપી ઢાલની એકજ બાજુનો ઉપદેશ છે. આ બધા વહી જતા અનંત પુરમાં શું કશું જ સ્થાયી નથી ? છે. અનિત્યની પછવાડે એક પરમ, નિત્ય, શાશ્વત, નિશ્ચય તત્વ છે; પરંતુ એ તત્વ તમે ક્યારે જોઇ કે અનુભવી શકો ? જે કાંઇ અનિત્ય છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશાશ્વત છે, ચયવાન છે, તેને તેવા રૂપે તમે જોઇ શકો ત્યારેજ તેની પછવાડે રહેલું પરમ સ્થાયી તત્વ તમને અવગત થઇ શકે તેમ છે અને તેટલાજ કારણથી શાસ્ત્રકારોએ એ અનિત્યતાની જવલંત છાપ તમારા હૃદય ઉપર પાડવા પ્રયત્ન કર્યો છે પરંતુ એટલીજ છાપ હૃદયમાં મેળવવી એથી કશોજ લાભ નથી. તે છાપની સાથે તેની સહગામી તત્વભાવના ઉપલબ્ધ થાય તોજ તે અનિત્યતાની ભાવનાની પ્રાપ્તિ સાર્થક અને સફળ ગણાવા યોગ્ય છે. જેમ શરીરે શુદ્ધ બનવાને માટે પ્રથમ સાબુ લગાડવાની જરૂર છે, પરંતુ એકલો સાબુ ચોળીને સંતોષ માનવો એથી કાંઇ વળતું નથી, પરંતુ તેનું સહગામી કાર્ય-પાણીથી તે સાબુના ફીણને સાફ કરવું જરૂરનું છે, તેમ અનિત્ય ભાવનાની ઉપલબ્ધી સાથે તેની પછવાડે આવવી જોઇતી ન્યાયાનુસારી ભાવના ન હોય તો એકલી અનિત્ય ભાવના ઉલટી અસર ઉપજાવે છે. અનિત્યની પછવાડે નિત્ય તત્વ શું છે, જેને જૈન શાસ્ત્રકાર નિશ્ચય (unchangeable) શાશ્વત ( eternal ) પરમ ( Great ) તત્વ કહે છે તે શું છે તેની ભાવના પ્રાપ્ત કરવી એ અનિત્ય ભાવનાની સિદ્ધિનું સ્વાભાવિક ફળ છે. આજે આપણે અનિત્ય ભાવના આપણી સાંપ્રદાયીક પદ્ધતિને અનુસરીને હરરોજ ભાવતા રહીએ છીએ, પરંતુ તેની પછવાડે તેના કુદરતી પરિણામરૂપે આવવી જોઈતી આ પરમ તત્વની ભાવના ઉપર ભાગ્યેજ કોઇની દૃષ્ટિ જાય છે. ખરી રીતે અનિત્ય ભાવનાનું વિધાન શાસ્ત્રકારોએ એટલાજ માટે નિર્મીત કરેલું છે કે તે સિદ્ધ થયા પછી નિત્ય ભાવનાની ઉપલબ્ધી સરળ થાય, આ તત્વનો વિચાર આપણે હવે પછી કરીશું.

અધ્યાયી.

# એક પ્રાચીન જૈનમુનિનું ઉચ્ચ ચારિત્ર જીવન.

એક મહાત્મા લખે છે કે,—

" तद्वर्तनं वर्त्तनमेव सौम्यं न येन पश्चिन्यनु तप्य ते मनः ।
वृत्तं तु यद् भाविनि वर्तने च सहायकं जागृतिदं यथा स्यात् " १

" તેનું નામ ઉચ્ચ વર્ત્તન છે કે જે વર્ત્તનને લઇને વર્ત્તનાર મનુષ્યના મનને પશ્ચાત્તાપ ન થાય અને એવું વર્ત્તન કરેલું હોવું જોઇએ કે, જેથી ભવિષ્યના વર્ત્તનને તે વર્ત્તન સહાયભૂત અને જાગ્રતિ આપનાર થાય. " આ કહેવાનો આશય એવો છે કે, મનુષ્યે જગતમાં એવી રીતે વર્ત્તવું જોઇએ કે, જેથી તેને ભવિષ્યકાળમાં પોતાના ભૂતકાળના વર્ત્તન માટે પશ્ચાત્તાપ ન થાય અને તેનું ભૂતકાળનું વર્ત્તન ભવિષ્યકાળના વર્ત્તનને સહાયભૂત અને જાગ્રતિદાયક થાય.

આવા ઉચ્ચ જીવનને ધારણ કરનારા અનેક આત્માઓના ચરિત્રો જૈન ઇતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાસમાં ભરપૂર છે, અતિ પ્રાચિનકાળની વાત છોડી દઇએ પણ પાછળથી અર્વાચીન સમયમાં પણ કેટલાએક જૈન મહાત્માઓ ઉચ્ચ જીવનના દૃષ્ટાંત રૂપ પ્રગટ થયેલા છે. જેઓના જીવનમાંથી ઉચ્ચમાં ઉચ્ચ, પૂર્ણમાં પૂર્ણ અને વિશાળમાં વિશાળ જીવનનો અનુભવ કરવાના શિક્ષણો મળી શકે છે. જે શિક્ષણો ધર્મ અને વ્યવહારમાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક બળના ઉત્તેજક બને છે.

પ્રત્યેક જૈન કે જે પોતાના પૂર્વજોના ઉજ્વળ અને યશસ્વી નામ જાણી શકે તેવો હોય તેના શ્રવણ માર્ગે દેવર્દ્ધીગણી ક્ષમા શ્રમણનું પવિત્ર નામ આવ્યું હશે. એ મહાત્માના ઇતિહાસ ઉપરથી તેમના ઉચ્ચ ચારિત્ર જીવનના અનેક પ્રસંગો વાંચીને મનન કરવા જેવાં છે. મહાત્મા દેવર્દ્ધીગણિ ક્ષમાશ્રમણ શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ પછી એક હજાર વર્ષે થયા હતા. તેઓ વિક્રમના છઠા સૈકામાં ભારતભૂમિ પર વિહાર કરતા કરતા સૌરાષ્ટ્ર દેશના વલ્લભીપુરમાં આવ્યા હતા. જૈન ઇતિહાસ એટલે સુધી કહે છે કે, જૈન સિદ્ધાંતોને પ્રથમ પુસ્તકારૂઢ કરનારા તે મહાત્મા હતા. તેમની મનોવૃત્તિમાં ઉપકાર મંત્રનો ધ્વનિ સદા થયા કરતો હતો. તે મહાત્મા જૈન સમાજની અને દેશની ધાર્મિક ઉન્નતિના કારણો શોધી તેને પ્રસાર કરવાના કાર્યને પૂર્ણ તન મનથી પોતાના ચારિત્ર જીવનનું લક્ષ્ય બનાવનારા અને સંઘ સેવાના વિશાળ ક્ષેત્રમાં જીવન સમર્પિત કરનારા હતા. આવા મહાત્મા મુનિઓનીજ સાંપ્રત કાળે જૈન પ્રજાને વધારે અગત્ય છે.

મહાત્મા દેવર્દ્ધીગણી ક્ષમાશ્રમણની દેશનાશક્તિ અદ્ભુત અને આકર્ષક હતી. તે સાથે તે વૈરાગ્ય ભાવનાના તીવ્ર વેગને ધરનારી હતી, તેઓ લોભ તરફ ઘણો તિરસ્કાર દર્શાવતા અને ઔદાર્યનું ઉચ્ચ શિક્ષણ આપતા હતા. આજીવિકાના યોગ્ય સાધનોની છતી નીરંતર તૃષ્ણારૂપી મહાનદીમાં તણાયા કરનારા લુબ્ધ જનોને સ્તબ્ધ કરી નાંખે એવા અનેક ગુણ, સદ્ગુણ, ત્યાગવૃત્તિ, શ્રમ તથા પ્રભાવને દર્શાવી શકે તેવા મહાન્ અસરકારક દૃષ્ટાંતો આપી તે મહાત્મા શ્રોતાવર્ગના હૃદયની અંદર ઔદાર્યની અદ્ભુત ભાવના જાગ્રત કરતા હતા.

મહાત્મા દેવર્દ્ધીગણીની સંસારાવસ્થાની વાર્ત્તાઓમાંથી પણ તેમના ભવિષ્યના ચારિત્રજીવનનું ઉત્તમ ચિત્ર દૃષ્ટિએ પડે છે. તે મહાત્માને ઉછરતી વયમાંથીજ ઉચ્ચ પ્રકારનું શિક્ષણ તથા પ્રેમમય ધર્મશ્રદ્ધા પ્રાપ્ત થયેલ હતા. તેમની વયની વૃદ્ધિની સાથે તેમનામાં વિદ્વત્તા, ધર્મશીલતા, અત્યંત પવિત્ર આચરણ, પરોપકાર વૃત્તિ, સમાજ હિતની ઉત્કટ ઇચ્છા તથા ધર્મપરાયણતા વિશેષ વૃદ્ધિ પામતા હતા.

તે મહાત્માના ચારિત્ર જીવનનો આરંભ ઘણો ચમત્કારી હતો. તે મહાત્માએ લોહિત્યાચાર્ય પાસે દીક્ષા લીધી હતી, તેમની દીક્ષાનો મહોત્સવ સૌરાષ્ટ્રભૂમિ ઉપર થયો હતો. તે સમયે તે મહાત્માએ ગુરૂની આજ્ઞાથી ઘણી વિદ્વત્તા ભરેલો ઉપદેશ આપ્યો હતો અને તેની અંદર સાધુ જીવનના ઉપયોગ વિષે ઘણું સારૂં વિવેચન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યું હતું. એ તેમની આરંભનીજ ઉપદેશ વાણીએ શ્રોતા લોકોના અંતઃકરણમાં કૃતજ્ઞતા, પ્રેમ અને વિશ્વાસની વૃદ્ધિ કરી હતી. બુદ્ધિનું સામર્થ્ય તથા મનની ઉચ્ચતા કેવી રીતે વધે? અને પરોપકાર તથા શાંતિનું શિક્ષણ કેવીરીતે સંપાદન થઇ શકે? એ વિષે તે મહાત્માનાં વિચારો ચારિત્રના આદ્ય સમયથીજ પ્રવર્ત્તેલા હતા. મનુષ્યના જીવિતનો હેતુ, મનુષ્યની ધાર્મિક ઉન્નતિ કરવી એજ છે. જ્ઞાન પ્રાપ્ત કરીને તેની સહાયતાથી પોતાનાથી બની શકે તેટલાં માણસોનું કલ્યાણ કરવું જોઇએ, આવી તે મહાત્માની દઢ માન્યતા હતી. આ માન્યતાના મહાત્મ્યથી તે મહાત્માએ પોતાના ચારિત્રની ઉચ્ચતામાં અને આ અસ્થિર સ્થળ જીવન કરતાં અનંત ગુણ ઉચ્ચ એવા પરજીવનની સિદ્ધિને અર્થે પોતાના નિર્ગ્રંથ જીવનને વિશુદ્ધ અને જનસમાજને ઘણું ઉપયોગી બનાવ્યું હતું.

મહાત્મા દેવર્દ્ધીગણીનાં ચારિત્ર જીવન ઉપરથી સાંપ્રતકાલે ચારિત્રજીવનમાં કેવી સુધારણાઓ કરવાની આવશ્યક્તા છે, તેનું વિવેચન આ સ્થલે અપ્રાસંગિક નહીં લાગે.

પંચેન્દ્રિય જીવોમાં મનુષ્યત્વ એ સર્વોત્તમ વસ્તુ છે તેવા મનુષ્યત્વનું પરમ લક્ષ્ય પરમાત્મતત્વ સાથે સંબંધમાં આવવાનું છે. એ પરમાત્મતત્વનો યોગ જ્ઞાનના યોગથી થાય છે. આ જગતના મહાન પુરૂષોએ જ્ઞાનના દિવ્ય પ્રભાવથી જ જગદુદ્ધારક બન્યા છે, જ્ઞાનપ્રાપ્તિનો પરમ લાભ જગદુદ્ધારક બનવામાં જ ચરિતાર્થ થાય છે. જૈન ધર્મના મહાત્માઓ જે જગદુદ્ધારક બન્યા છે, અને બને છે, તેઓ પોતાને જે સ્વભાવસિદ્ધ દિવ્ય હક્ક પ્રાપ્ત થયેલ, તેનો સદ્ઉપયોગ કરવાની પૂર્ણ વૃત્તિવાળા હોય છે, તેથી જ તેઓ મનુષ્ય જીવનની ખરી વસ્તુઓ અને ઘણી ઉમદા અને વિજયી યોજનાઓ મેળવી શકતા હતા. તેમની આંતરિક તથા આધ્યાત્મિક વિચાર શક્તિઓ જેમ જેમ વિકાસ પામતી તેમ તેમ તેમનાથી જનકલ્યાણના સાધનો વિશેષપણે સ્ફુરી આવતા હતા.

મહાત્મા દેવર્દ્ધીગણીએ જ્યારે જૈન સિદ્ધાંતોને પુસ્તકારૂઢ કરવાનો નિશ્ચય કર્યો, ત્યારે તેમણે પોતાના શિષ્યોને જણાવ્યું હતું કે, " પ્રિય શિષ્યો, શ્રીમહાવીર પ્રભુએ પોતાના પરિવારને ચારિત્રનો જે દિવ્ય હક્ક આપેલો છે, તે આ જગતના ઉદ્ધારને માટે આપેલો છે. આપણા ચારિત્રનું આંતરસ્વરૂપ શું છે? તેનો આપણે વિચાર કરવાનો છે. આપણાં પંચમહાવ્રતોનું પણ આંતર સ્વરૂપ આપણી મનોવૃત્તિમાં દઢ કરવાનું છે. આ સંસારરૂપ ઉકળતા મહાસાગરમાંથી ગોથાં ખાતાં પ્રાણીઓને બચાવી લેવા માટે જે જે સાધનો જોઇએ, તે તે સાધનો આપણે આપણા ચારિત્રજીવનમાંથી મેળવવાના છે. ભગવાન વીર પ્રભુએ વ્યક્તિજીવનના સ્થુલ ભુવનમાંથી આપણને સૂક્ષ્મ ભુવનમાં સ્થાપિત કર્યા છે. આ ભુવનમાં રહીને આપણે અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ણનીય પ્રભાવ અને મહત્તા પ્રાપ્ત કરવાની છે. જોકે આપણા જીવનનું લક્ષ્યબિંદુ આધ્યાત્મિક જીવન છે, તથાપિ આપણે તે હદે પહોંચ્યા પહેલા જનકલ્યાણના અનેક માર્ગો ઉઘાડવાના છે. તે માર્ગો ઉઘાડતાં પહેલા આપણે ઘણી જ સાવધાની રાખવી જોઇએ. જો તેમાં આપણી ભુલ થઇ જાય અને આપણાથી કોઈ ઉન્માર્ગનું દ્વાર ઉઘાડી દેવાય તો પછી જનસમાજ પણ ઉન્માર્ગગામી બની જાય અને તેથી આપણે આપણા ચારિત્ર જીવનની અંદર દોષભાજન થઇ જઇએ. આપણા મહાન્ તીર્થંકરોએ સ્થાપેલા ચારિત્રના નિયમો જનસમાજના કલ્યાણના હેતુને અવલંબીને રહેલા છે. એ હેતુ જો આપણે શુદ્ધ રાખવો હોય તો કોઈ જાતના સ્વાર્થની સાથે સંબંધ રાખવો નહિ સ્વાર્થનું ઝેરી વિષ આપણા ચારિત્રજીવનને વિષમય બનાવી દે છે. માનવ પ્રાણીના સર્વ અપરાધ, દોષ અને પાપનું મૂલ સ્વાર્થ છે અને સર્વ સ્વાર્થનું મૂલ અજ્ઞાન છે મનુષ્યના આત્મામાં કાંઇ દુર્ગુણ અથવા દુર્ગુણનો સ્વભાવ રહેતો નથી, પરંતુ અજ્ઞાન જ સર્વ દુર્ગુણોની ખાણ છે, માટે જે જે મનુષ્ય આપણા સંબંધમાં આવે તેનામાં રહેલા સ્વાભાવિક ઉચ્ચ ગુણોને જોતાં રહી, તે ગુણોને ઉપદેશ દ્વારા પ્રોત્સાહન આપવું, એજ આપણો મુનિધર્મ છે. અને એ ધર્મ સમ્યક્ત્વના પરમ તત્વને જાગ્રતિ આપનારો છે.

મહાત્મા દેવર્દ્ધીગણીના આ ઉદ્‌ગારો ચારિત્ર જીવનની ઉચ્ચતાને કેવા પ્રતિપાદન કરનારા છે? અને જગત્‌ના કલ્યાણ માર્ગને ઉન્નતિપર લાવવાને કેવા ઉપયોગી છે? તેનો ખ્યાલ વાચકોના હ્રદયપર આવ્યો હશે. પ્રાચીન મહાત્મા મુનિઓના હ્રદયમાં એવીજ ભાવનાઓ ઉદ્‌ભવતી હતી. જગત્‌ના જીવોનો ઉદ્ધાર કરવા માટેની તેઓની પ્રવૃત્તિ અસાધારણ હતી, કારણ કે, તેમનામાં નિઃસ્વાર્થ પ્રેમ હતો. નિઃસ્વાર્થપ્રેમ એ માનવજીવનની ચાવી છે, અને તેનામાંજ આખા વિશ્વને હલાવવાનું સામર્થ્ય રહેલુ છે. તેટલાજ માટે જૈન મહાત્માઓ સર્વ તરફ નિઃસ્વાર્થ પ્રેમના વિચારો કરતા અને તેવીજ ભાવનાઓ ભાવતા હતા. જો નિઃસ્વાર્થ પ્રેમનો પ્રકાશ હ્રદયમાં પડયો હોય તો જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં તે દિવ્ય ચેતન અર્પે છે, વદનને વિકાશિત બનાવે છે, ઉપદેશના ધ્વનિને બલવાન કરે છે, અને તેવા પ્રેમીને દરેક રીતે વધારે ને વધારે આકર્ષક બનાવે છે. જ્યાં નિઃસ્વાર્થ પ્રેમનું અજવાળું થયું નથી, ત્યાં પ્રતિકૂલ વિચારો પ્રગટે છે, વિરોધની લાગણીઓ ઉશ્કેરાય છે, અને દ્વેષ, ક્રોધ, અશુભચિંતન, તિરસ્કાર અને નિંદાના આવેશો ઉભરાય છે, એ ઝેરી અને નાશકારક અસર પ્રગટવાથી સમ્યક્ત્વનો દીપક બુઝાઇ જાય છે, જ્ઞાનનો પ્રકાશ ઝાંખો થઈ જાય છે, દર્શનનો વિકાશ વિલખો થઇ જાય છે અને ચારિત્રનો ચળકાટ નિસ્તેજ થઇ જાય છે.

ભગવાન્ તીર્થંકરોએ જે જૈનધર્મની પ્રરૂપણા જીવદયાના પાયા ઉપર રચી છે, તે જીવદયાનું પૂર્ણ સ્વરૂપ નિઃસ્વાર્થ પ્રેમની સાથે જોડી દીધું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. નિઃસ્વાર્થ પ્રેમમાં જ જૈનધર્મનું રહસ્ય સમાએલું છે. એ નિઃસ્વાર્થ પ્રેમના પ્રભાવથી જગતમાં અનેક પ્રેમાળ હૃદયો, ધર્મવીર આત્માઓ, અને પવિત્ર તથા સત્યવાદી પુરૂષો થઈ ગયા છે. તેમણે મુનિઓમાં, ઉદાર ગૃહસ્થોમાં અને સંતજનોમાં ઉચ્ચમાં ઉચ્ચ ભાવનાઓ આપી છે. વીર પરમાત્માએ પોતાના ગણધરોને વિચરતી વખતે એજ શીખામણ આપી છે કે, તમે નિઃસ્વાર્થ પ્રેમના ભક્ત બનજો. દયા, વિનય અને દાક્ષિણ્યતા રાખવી એ તમારી અનિવાર્ય અને અત્યંત પવિત્ર ફરજ સમજજો. જગત્‌ના જીવો તરફ સહાનુભૂતિ અને નિઃસ્વાર્થ પ્રેમ દર્શાવવામાંજ તમારા ચારિત્રનો ઉપયોગ છે. તમે નિઃસ્વાર્થ પ્રેમની મધુરતાથી અને દયા ભરેલી દૃષ્ટિથી સર્વને નીહાળજો." આ વીરવાણીની ઉદ્‌ઘોષણા કેવી ઉચ્ચ અને ઉપકારિણી છે ? સાંપ્રતકાળે તે મહાવાકયોનું વિસ્મરણ થઈ ગયું છે. નિઃસ્વાર્થ પ્રેમનું વિશાળ ક્ષેત્ર સુકાઈ ગયું છે. સંકુચિતપણું અને અભિમાની-પણું દેખાતા મનની ઉદારતા અને બળ ઓછા થતા જાય છે. અને કેટલીક વખત સ્વાર્થી રાગ, આત્મ પોષણ, અંગત લાભના વિચારો અને મિથ્યા અભિમાનના આવેશો જોવામાં આવે છે.

આ સમયે જો દેવર્દ્ધીગણી જેવા પ્રાચીન મહાત્માઓ અંતરીક્ષ માર્ગમાંથી અવલોકે તો તેમના હૃદયને કેટલો શોક ઉત્પન્ન થાય ! જે પૂર્વજોએ પોતાના દિવ્ય જ્ઞાનના અખૂટ સમુદ્રની છોળો ઉછાળી જગતના અનેક જીવોનો ઉદ્ધાર કર્યો છે, અને પોતાની ઉપકાર વૃત્તિરૂપ કલ્પલતાની શીતળ છાયા પ્રસારી અનેક દુઃખી આત્માઓને શાંતિ આપી છે, તે પૂર્વજોના વખતની સ્થિતિ સાથે અર્વાચીન સ્થિતિનું અવલોકન કરતાં વર્ત્તમાન કાળની કેટલીક શીથીલતાવાળી સ્થિતિ પ્રવર્ત્તતી જોઇ તેઓને ભારે ખેદ ઉત્પન્ન થાય, તેમાં શું આશ્ચર્ય !

મહાત્મા દેવર્દ્ધીગણીના ગુરૂ લોહિત્યાચાર્યે પોતાના પ્રતિભાશાળી શિષ્યોને અંતિમ સમયે કહ્યું કે, વર્ત્તમાનકાળની આપણી ભાવનાઓ ભવિષ્યકાળમાં ટકી રહેવાની મને શંકા છે. મારા પ્રિય શિષ્ય દેવર્દ્ધીગણીએ જૈન સિદ્ધાન્તોને પુસ્તકારૂઢ કરી ભવિષ્યની પ્રજાનો મહાન ઉપકાર કર્યો છે. તથાપિ એ ઉપકારનો પ્રભાવ ભવિષ્યકાળે ઝાંખો પડી જશે. સાંપ્રતકાળે ઘણાંઓ માનસિક અભિમાનને લીધે પોતાના અંગત વિચારોમાં અને સ્વાર્થવૃત્તિના આવેશમાં એ વાત ભુલી જાય છે. તેઓએ મહાત્મા દેવર્દ્ધીગણીના વિચારોનું મનન કરવું જોઈએ. એવા વિચારોનું મનન જ્યારે કરવામાં આવશે, ત્યારે ચારિત્ર જીવનની ઉજવળતા વધારે ઉત્કર્ષ ભરેલી થશે. સર્વજ્ઞ અને વીતરાગ પ્રભુના પ્રરૂપેલા નિયમો અને શકિતઓનું જ્ઞાન પ્રાપ્ત કરી તેનો યથાર્થ ઉપયોગ કરવામાં આવે તો સાંપ્રતકાળનો અધઃપાત દૂર થઇ જાય અને જૈન સમાજ ઉન્નતિના શિખરનું દર્શન કરી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ત્તમાનકાળે પણ આપણે નિરાશ થવાનું નથી. મહાત્મા દેવર્દ્ધીગણીનો પરિવાર હજુ પ્રચલિત છે. ચારિત્રજીવનનો માર્ગ હજુ તદ્દન વિલુપ્ત થયેલો નથી. જેમ જેમ આપણુને આપણા પોતાના સ્વરૂપનું ભાન થશે, અને આપણી આત્મિક પ્રચંડ શક્તિઓનો ખ્યાલ આવશે, તેમ તેમ વર્ત્તમાનકાલે હાનિ કરનારા, દોષજનક સંસ્કારો પણ ઘટવાજ માંડશે અને આપણુને આપણા આત્મસ્વરૂપનો પૂર્ણ અનુભવ થતાં તે સર્વ દૂષિત સંસ્કારો સમૂલા પણ નાશ પામી જશે.

મહા પ્રભાવશાળી મહાત્મા દેવર્દ્ધીગણી પોતાની આત્મિક શક્તિને આપણાં સિદ્ધાંત ગ્રંથોમાં રેડી ગયા છે. અને તેની અંદર પોતાના ઉચ્ચ વિચારોનું સમર્થન સ્થાપી ગયા છે, તેનું શ્રદ્ધાથી વાંચન અને મનન કરવામાં આવે તો તેમાંથી એવું તત્ત્વ મળે કે ગૃહસ્થ અને ચારિત્ર જીવન વધારે વિશાળ, મધુર, સુંદર અને પરિપૂર્ણ બને, ઉચ્ચ જીવનનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય અને તે સાથે ઉચ્ચ શક્તિઓ અને ઉચ્ચ આનંદ પ્રાપ્ત થાય.

મહાત્મા દેવર્દ્ધીગણીનો સમય જૈનધર્મની જાહોજલાલીને દર્શાવનારો હતો. તે સમયે જૈન ચતુર્વિધ સંઘની અંદર સર્વોત્કૃષ્ટ પ્રેરણાઓ પ્રવર્ત્તતી હતી. લોકોના હૃદય મંદિરોમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રના દિવ્ય દીપક પ્રદીપ્ત થયેલા હતા. ઉદાત્ત ઉદ્દેશ અને ઉંડી લાગણીઓના પ્રવાહો વહેતા હતા. અવર્ણનિય માનસ સૌંદર્ય, જ્વલંત શક્તિ અને હૃદયસ્પર્શિતા ઉભરાઇ જતા હતા. જેને માટે એક જૈન વિદ્વાન્ કવિ લખે છે કે—

“ देवर्द्धीगणिनां काले, देवर्द्धिगणिनो जनाः ।
ज्ञानसंपद्विलासाढ्याः प्रभावोल्लासशालिनः ॥ १ ॥”

મહાત્મા દેવર્દ્ધીગણિના સમયમાં લોકો દેવતાની સમૃદ્ધિવાળા, જ્ઞાનસંપત્તિના વિલાસી અને પ્રભાવના ઉલ્લાસથી શોભાયમાન હતા. ૧

મહાત્મા દેવર્દ્ધીગણીની જેમ ચારિત્ર જીવનને ઉજ્વળ બનાવનારા, ધર્મનો ઉદ્યોત કરનારા અને જૈન સમાજને ઉન્નતિને માર્ગે દોરનારા અનેક ચારિત્ર નાયકો પ્રગટ થશે ત્યારેજ નીચેનું પદ્ય સર્વ જૈન સમાજ ઉચ્ચ સ્વરે ગાયા કરશે.

“ वयं सार्थक जन्मानो, वयं श्रेयोऽवलंबिनः ।
निरपेक्षा वयं सर्वे, सन्तुष्टाः पूर्णकामिनः ॥ १ ॥

“અમારૂં જન્મ સાર્થક થયું છે, અમારૂં કલ્યાણ થઈ ચુકયું છે, અમારે હવે કોઇ જાતની અપેક્ષા નથી, અમે સંતુષ્ટ છીએ અને અમારી સર્વ કામના પૂરી થઈ છે.” ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## વડોદરામાં શ્રી હંસવિજયજી ફ્રી લાઇબ્રેરીની સ્થાપના.

શ્રીમદ્ પંન્યાસજી સંપત્તવિજયજી મહારાજ તથા મુનિશ્રી કર્પૂરવિજયજીના ઉપદેશથી ગયા આસો વદી ૧૩ ના રોજ ઉક્ત લાઇબ્રેરીની વડોદરાના શ્રી સંઘના તરફથી લહેરીપુરા માંડવી રોડના રસ્તા ઉપર શ્રી આદિનાથ મહારાજના દેરાસરના મુખ્ય ભાગમાં સ્થાપના કરવામાં આવી છે, તેને માટે ખાસ મેળાવડો કરવામાં આવ્યો હતો. ચતુર્વિધ સંઘ સમક્ષ પ્રથમ શ્રીમાન હંસવિજયજી મહારાજે લાઇબ્રેરીથી થતા લાભો વિશે વિવેચન કર્યાં બાદ ઝવેરી લીલાભાઈ રાયચંદની દરખાસ્ત અને ગાંધી ગુલાબચંદ કાળીદાસના અનુમોદન સાથે ઉપરોક્ત નામ સાથે તે ઉક્ત મહાત્માના પવિત્ર હસ્તે સ્થાપન કરવામાં આવ્યું હતું. આ લાઇબ્રેરી સાથે જે મહાત્માનું નામ જોડવામાં આવ્યું છે તે મહાત્માના હસ્તથી આવા અનેક સ્થળે આવા અનેક ઉપકારના કાર્યો થયાં છે. આ કામમાં પ્રેરણા કરનાર શ્રીમદ્ પંન્યાસ શ્રી સંપત્તવિજયજી મહારાજ વગેરે તેમના શિષ્યોને ધન્યવાદ આપવા સાથે અમો અમારો આનંદ પ્રદર્શીત કરીયે છીયે. અને ભવિષ્યમાં તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે. આ સંસ્થામાં મુનિરાજ શ્રી કર્પુરવિજયજીએ તેમનું તમામ પુસ્તક અર્પણ કર્યું છે, તેથી તેમજ ઉકત મહાત્માની અપૂર્વ કૃપા વડે તે આગળ એક સારી લાઇબ્રેરી થશે એમ તેના ધારાધોરણો અને બંધારણ જોતાં અમોને માલુમ પડે છે, જેથી સર્વને મદદ કરવા નમ્ર સુચના કરીયે છીયે.

## સુધારો.

ગયા માશના અંકમાં પ્રથમ પેજ ઉપર આવેલી કવિતામાં તેના લેખક નીચે મુજબ સુધારો કરાવ્યો છે. લાઇન ૩ શોભે ને બદલે સુટે ૧૪ ટાળીજ ને બદલે ટારીજ ૧૫ નિરાવર્ણો ને બદલે નિરાવર્ણી ૧૬ ચારી ને બદલે ચાહી એ પ્રમાણે વાંચવું.

## શ્રી સિદ્ધાચળજી યાત્રા કરવા જતાં બંધુઓ તથા બેનોને નમ્ર સૂચના શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ–પાલીતાણા વિષે કંઇક.

શુમારે છ વર્ષથી શ્રી યશોવિજયજી પાઠશાળા નામથી શ્રી સિદ્ધક્ષેત્રમાં સ્થપાયેલી આ સંસ્થા કેટલાક વખતથી જે નિદ્રાવશ પડેલી હતી તે શુમારે આઠ માશ થયા મુંબઇના શ્રીમાન ઉત્સાહપ્રેમી ધર્મ બંધુઓની એક વગવાળી ખાસ કમીટીના હસ્તક સોંપાયા પછી–આવ્યા પછી તેનો ઉદ્ધાર થયો છે. સાથે નામ પણ તેને યોગ્ય અને સમાજને જેની જરૂરીયાત હતી તેવું આપી તેના ધારાધોરણ અને બંધારણ ભવિષ્યમાં આ સંસ્થાની ઉન્નતિ થાય તેવા ધરી તે હાલમાં પ્રસિદ્ધીમાં મુકયા છે જે ઉપરથી માલુમ પડે છે કે તેનુ બધારણ અને ઉદ્દેશ કાર્ય પદ્ધતિ જેમ ઉંચી છે તેમ તેમાં આવતા વિદ્યાર્થીઓ પણ તેના ઉદ્દેશમાં જણાવ્યા પ્રમાણે ભવિષ્યના વીરનરો અને કામને ઉપયોગી બનશે એમ તે જોતાં અમોને જણાય છે. આ સંસ્થાનો આવો આનંદદાયક ઉચ્ચ ફેરફાર થયો તે તેના કાર્યવાહકોને આભારી છે. ગુરૂકુલ જેવી સંસ્થાની જે જૈન કોમમાં જરૂરીઆત હતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ભવિષ્યમાં આ સંસ્થાથી કેટલેક અંશે પુરી પડશે એમ અમોને ખાત્રી થાય છે. આ સંસ્થાની આર્થિક સ્થિતિ અત્યારે બરાબર નહીં છતાં હાલમાં પચાશ વિદ્યાર્થી છે જેનો ખર્ચ માસિક રૂ ૭૦૦) હાલ છે અને ભવિષ્યમાં ૨૦૦) વિદ્યાર્થીઓને રાખી વિદ્યાભ્યાસ પોષણ ધાર્મિક જ્ઞાન આપી ખરેખરા જૈનો બનાવવાનો પ્રયાસ આ સંસ્થાનો સ્તુતિપાત્ર છે જેથી ખરેખરા સ્વામીવાત્સલ્યનો લાભ લેવા ઇચ્છતા કોઇ પણ જૈન બંધુ કે બ્હેનોએ ત્યાં યાત્રા કરવા જતાં આ સંસ્થાની મુલાકાત લઇ કાંઇ પણ યથાશકિત આર્થિક સહાય દ્રવ્ય–પૈસાની મદદ આપવાની અવશ્ય જરૂર છે જેથી જૈનોના બાળકોના પોષણ સાથે કેળવણી જેવા કાર્યને પણ ખરેખર મદદ આપવા જેવું બનશે અને ખરેખરૂં પુણ્ય હાંસલ થશે. આ સંસ્થા પાલીતાણામાં ગામથી દુર સ્ટેશન પાસે સારી હવાવાળી ખુલ્લી જગ્યામાં હોવાથી બાળકોની તનદુરસ્તી સારી રહેશે, વળી બાળકોની તનદુરસ્તી ઉપર પણ ધ્યાન આપવામાં આવે છે. જેથી ક્રમે ક્રમે થતાં અનેક સુધારાઓ જાણી અમોને આનંદ થાય છે.

આ સંસ્થાના ધારાધોરણ, બંધારણ, ઉદ્દેશ, કાર્યવાહી જોતાં તે દરેક પ્રકારે મદદને પાત્ર છે અને કાર્યવાહકો તથા કમીટીના મેમ્બરો શ્રીમાન ગૃહસ્થો ઉત્સાહી અને લાગણીવાળા હોવાથી આ સંસ્થા દરેક પ્રકારે વિશ્વાસપાત્ર ને કાર્ય કરવાને માટે લાયક હોઇ કોઇ પણ શખ્સે મદદ આપવા ચુકવું નહીં.

હાલમાં રહેતા વિદ્યાર્થીઓ માટેની વધારે સારી સગવડ માટે એક નવા મકાનની જરૂરીયાત જણાવી છે તો આપણામાં અનેક દાનવીર બંધુઓ છે તેઓએ આવું એક આશ્રય સ્થાન આ સંસ્થામાં રહેતા આપણા લઘુ બંધુઓ માટે બંધાવી ખરે પુણ્ય પ્રાપ્ત કરવાનું છે, અથવા બશેંહ, પાંચશે જેવી એક એક રકમ આપી લક્ષ્મીનું સાર્થક કરવાનું છે. તેના બંધારણમાં લાઇબ્રેરી માટેની કરેલી યોજના પણ યોગ્ય હોઇ તે માટે પણ કોઇ પણ પ્રકારની સહાય આપવાની જરૂર છે. છેવટે આ સંસ્થા ખરેખરી રીતે મદદ ને લાયક હોઇ દરેક મુનિમહારાજાએ ઉપદેશ દ્વારા અને જૈન બંધુઓએ તેની મુલાકાત લઇ દરેક પ્રકારની યથાશકિત મદદ આપવાની જરૂરીઆત છે એમ નમ્ર સુચના કરવા સાથે ભવિષ્યમાં તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

---

## એક શ્રીમાન્ નરરત્ન જૈન બંધુની મોટી સખાવત.

અમો ઘણા વખતથી કહેતા આવ્યા છીયે કે આપણામાં કચ્છી જૈન બંધુઓ જેમ વેપારમાં આગળ વધતા જાય છે તેમ ધાર્મિક સખાવતોમાં પણ તેઓ આગળ વધે છે. માત્ર તે કોમ હજુ કે કેળવણીમાં આગળ વધી નથી પરંતુ ધીમે ધીમે તે વધવાના પ્રયાસ કરવા સાથે કેળવણી જેવા ખાતાને મદદ આપવામાં પછાત નથી તેમ તો કહેવુંજ પડશે. અમે જેને માટે અત્યારે લખીયે છીયે તે **શેઠ એતસીભાઇ ખીઅશી જે. પી.** છે. આ શ્રીમાન નરે પાલીતાણા કચ્છી બોર્ડીંગને એક વખત રૂા. ૫૦)હજાર આપ્યા હતા. અને પોતાના જ્ઞાતિ બંધુઓને શ્રી સિદ્ધાચળજીની યાત્રા કરાવવા સંઘ લઇ આવી એક મોટી રકમ ખર્ચી હતી પરંતુ તે સર્વને ગૌણ કરી દે તેવી હાલમાં શુમારે સવાથી દોઢલાખ રૂપૈયાની રકમ પોતાના જ્ઞાતિ બંધુઓ ઉદ્ધાર માટે તેમજ મુંબઇની જૈનધર્મની અનેક સંસ્થાઓને પણ સારી રકમની ભેટ કરી છે તે જાણવામાં આવતાં અમો તે શેઠ સાહેબને ધન્યવાદ આપવા સાથે અમો અત્રે આનંદ પ્રદર્શીત કરીયે છીયે.

તેમના તેવા ઉત્તમ કાર્ય માટે કચ્છી જૈન બંધુઓએ હાલમાં એક માન પત્ર આપ્યું છે પરંતુ આવા ઉદાર નર રત્નો તો સર્વત્ર જૈન કોમના માનપત્રને પણ લાયક છે. તેઓ ભવિષ્યમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારે લક્ષ્મીનું આવા ઉત્તમ કાર્યોમાં સાર્થક કરે એમ અંતઃકરણ પૂર્વક ઇચ્છીયે છીયે, અને મુબારકબાદી આપીયે છીયે.

## શ્રી જૈન એસોસીએસન ઓફ ઇંડીઆ મુંબઇએ શ્રીમાન હિંદી વજીરને આપેલું માનપત્ર.

હાલમાં નામદાર હિંદી વજીરસાહેબ આ દેશમાં પધારતાં તેમને તથા નામદાર વાઇસરાય સાહેબને ઉક્ત સંસ્થા તરફથી માનપત્ર તા. ૨૬–૧૨–૧૯૧૭ ના રોજ ગવર્નમેન્ટ હાઉસ મુંબઇમાં આપવામાં આવ્યું છે જેની નકલ નીચે મુજબ આપીયે છીયે.

To His Excellency The Right Hon'ble
FREDERIC JOHN NAPIER THESIGER
***BARON CHELMSFORD,***
P. C., G.M.S.I., G.C.M.G., G.M.I.E., &c.,
Viceroy and Governor general of India
and

To
The Right Hon'ble
**EDWIN SAMUEL MONTAGU,**
P.C., M.P.,
SECRETARY OF STATE FOR INDIA.

May it please Your Excellency,
Most Respected Sir,

WE, The President and representatives of the Jain Association of India, a Swetambar Body, beg to offer our most cordial welcome on behalf of our Community, and wish you, Sir, every success in the statesmanlike step you have taken, in coming here personally to deliberate with the various representative bodies and individuals that consitute the public opinion of India.

WE take this opportunity of requesting Your Excellency and you, Sir, to kindly convey to His Majesty the King Emperor our deep and abiding sense of loyalty to the Crown, as also our most heartfelt gratitude along with the other communities of India, for the declaration that the ultimate goal of the Policy of the British Rule in India is the grant of responsible Self-Government. We trust and pray that victory will soon crown the British Arms, and the British Empire will emerge from the struggle, stronger, more glorious, and firmly united as ever.

WE beg humbly to submit that we entirely support and approve the scheme of reforms suggested by the Indian National

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Congress and Mus'im League. as one to be carried out for the immediate requirements of the Constitution. We are however, confident that any scheme of constitutional ref rms, that you devi-e after full and mature deliberation, will be so la ge and liberal as to make a substantial step forward towards meeting the growing aspirations of the people of this land, as also to so re-shape the constitution as to assure them speedy and secure advance along morden lines.

IN a country of varied population like ours the interests of the certain important minorities have to be safeguarded without introducing any possible discord in the unity of India. The Jain Community of India is by its faith a distinct entity, and, if important minorities are to have representation in the future electoral system, we humby submit that the claims of the Jain Community, whose loyalty has been Proved unswerving, will be given a due weight and consideration.

PRAYING once again that the unprecedented step that you, Sir, as the Secretary of State for India, on the invitation of His Excellency the Viceroy, have taken, will prove a land-mark in the constitutional annals of this country.

We beg to remain,
Your Excellency's and Your
Most Ob-dient Servants,

જૈન કોમ આવી રીતે રાજકીય બાબતમાં યોગ્ય રીતે ભાગ લે કે આવા રાજકીય મહાન પુરૂષના આ રીતે સમાગમમાં આવે તે જૈન કોમ માટે એક ખુશી થવા જેવો પ્રસંગ છે.

---

# પુસ્તક પહોંચ.

**અમોને અભિપ્રાય અર્થે મળેલાં નીચેનાં પુસ્તકો સાભાર સ્વીકારીએ છીએ.**

૧ The Stedy of Jainigm—(પ્રયોજક-લાલા કન્નુમલ એમ. એ. અને પ્રકાશક શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ આગ્રા.)

ઉપરોક્ત પુસ્તકની યોજના મુનિમહારાજ શ્રીમદ્ આત્મારામજી મહારાજના તત્વાદર્શ ગ્રંથપરથી કરેલી છે. માત્ર ચાર પ્રકરણોમાં જૈન ધર્મનું સ્વરૂપ અને રહસ્ય અંગ્રેજીમાં ઘણી અસરકારક રીતે સમજાવવા ગ્રંથકારે પ્રયત્ન કર્યો છે. પ્રથમ પ્રકરણમાં નવ તત્વોનાં સ્વરૂપનું, દ્વિતીય પ્રકરણમાં અરિહંત તિર્થંકરોના સ્વરૂપનું, ત્રીજા અને ચોથા પ્રકરણોમાં અનુક્રમ આદર્શ જૈન યોગી-સાધુ અને આદર્શ જૈન ગૃહસ્થના સ્વરૂપનું પ્રતિપાદન ઘણી સરસ રીતે સરલ ભાષામાં કરેલું હોવાથી અભ્યાસીઓને ગ્રંથ અતિ ઉપયોગી થઇ પડે તેમ છે.

૨ The Saptabhangi Naya—( પ્રયોજક-લાલા કન્નુમલ એમ. એ. અને પ્રકાશક શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ આગ્રા.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પુસ્તકમાં ગ્રંથકારે સપ્તભંગી નયના સિદ્ધાંતનું ટુંકાણમાં દિગ્દર્શન આપ્યુ છે. આ સિદ્ધાંતનું રહસ્ય ટુંકાણમાં પણ ઘણી સરસ અને સરલ ભાષામાં તેમણે સમજાવવા યત્ન કર્યો છે અને તેથી આશા રાખી શકાય કે તત્વજિજ્ઞાસુને લાભદાયી થઇ પડશે. વળી જૈન ધર્મ સાહિત્ય અને તત્વજ્ઞાનના પ્રમાણભૂત મુનિમહારાજ શ્રી જીનવિજયજી મહારાજના વિદ્વતા ભરેલા ઉપોદ્ઘાતથી પુસ્તકની ઉપયોગિતામાં અત્યંત વધારો થયો છે.

૩ Lord Krishna's message—( પ્રયોજક—લાલા કન્નુમલ એમ. એ. પ્રકાશક શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ આગ્રા. )

ઉક્ત પુસ્તક ભગવદ્ગીતાના ઉપરથી યોજાયેલું છે જગતની ઉત્પત્તિ, આત્મા અને પરમાત્માનો પરસ્પર સંબંધ અને તે સંબંધની પ્રાપ્તિ અર્થે યોજવામાં આવતી રીતો એ સંબંધી ઉપયોગી પ્રશ્નોના વિદ્વતાભર્યા જવાબોનો ટુંક અને અસરકારક ખ્યાલ આપવાનો ગ્રંથકારે યત્ન કરેલ છે. પ્રસ્તાવનામાં કહેવામાં આવ્યું છે તેમ જો કે આ લઘુ ગ્રંથ મંડળ તરફથી છપાતા એક મોટા પુસ્તકના ઉપોદ્ઘાતરૂપ છે તો પણ તેમાં ભગવદ્ ગીતાના શિક્ષણનો જે ટુંક સારાંશ આપવામાં આવેલ છે તે પ્રત્યેક સત્યના પ્રેમી અને શોધકને માટે આવકારદાયક થઇ પડશે, એમ અમારૂં માનવું છે.

ઉપરોક્ત ત્રણે પુસ્તકો જો કે કદમાં ન્હાના છે, તો પણ અમારી માન્યતાના છે કે અંગ્રેજી ભાષામાં દરેક સિદ્ધાંતનું એવું ટુંક અને સચોટ પ્રતિપાદન કરેલ છે કે કોઇપણ અભ્યાસીને અથવા જીજ્ઞાસુને રસપ્રદ તેમજ બોધપ્રદ થઇ પડશે. આવા પ્રકારના ઉપયોગી પુસ્તકોની પ્રસિદ્ધિ માટે ઉક્ત મંડળ ધન્યવાદને પાત્ર છે.

૪ **સાહિત્ય સંગીત નિરૂપણ**—આ સાહિત્યનો સંગીતનો ગ્રંથ છે. પરમાત્માની ભક્તિ માટે સંગીત એ એક અમૂલ્ય ભાગ ભજવે છે, આ લઘુ ગ્રંથ હોવા છતાં પ્રથમ વિભાગમાં સંગીત કોને કહેવું તેમજ તેના રસ, ભાવ, ભેદો, ઉત્પત્તિ, તાલ, રૂતુઓ સાથે તેનો સંબંધ વગેરે બાબતમાં બહુજ સારી રીતે નિરૂપણ કરેલ છે, બીજા વિભાગમાં રાગમાળા આપવામાં આવેલી છે. જેમાં રાગરાગિણીના રૂપ, અર્થ, શ્રુતિ, મુર્છના જુદા જુદા આચાર્યોના મત પ્રમાણે તેના નામો તથા છેવટે તેના કોઠાઓ આપી બહુજ ઉપયોગી વર્ણન આપવામાં આવેલું છે. છેવટે ભારત વર્ષની સંગીત વિદ્યાનું વર્ણન આપી લેખક ખરેખર આ ગ્રંથને ઉપયોગી બનાવ્યો છે. ભાષા હીંદી છતાં સમજી શકાય તેવી છે. આ જૈન સંસ્થાએ આવા ગ્રંથને પ્રસિદ્ધ કરી સાહિત્યમાં વૃદ્ધિમાં કરી છે તે ખુશી થવા જેવું છે પ્રગટ કર્ત્તા શ્રી આત્માનંદ પુસ્તકપ્રચારક મંડળ આગ્રા રોશનમહોલા લેખક લાલા કન્નુમલ એમ. એ. કિંમત ૦॥=

૫ **સદાચાર રક્ષા**—પ્રથમ ભાગ લેખક શેઠ ઝવાહીરલાલ જૈની પ્રકાશક ઉપરોકત મંડળ હીંદી ભાષામાં અનેક ગ્રંથો આ લેખક મહાશયે લખ્યા છે જેની લેખની શૌર્યવાળી અને કોમ પ્રત્યે લાગણી દર્શાવનારી છે. મનુષ્યને ખરેખર મનુષ્ય બનાવવા માટે સદાચારી થવાની જરૂર છે આ ગ્રંથમાં તેનુંજ રક્ષણ કરવા માટે અનેક ટુંકા ટુંકા વિષયો આપી સદાચારનું નીરૂપણ કરેલું છે અનુક્રમે ૫૪ વિષયો આપ્યા છે જે વાંચવા લાયક છે. કિંમત પાંચ આના.

૬ **વ્યાકરણ બોધ**—આ ગ્રંથ ઉપરોકત સંસ્થા તરફથી અમોને મળ્યો છે તેના લેખક લાલા કન્નુમલ એમ. એ છે જે ખરેખર એક વિદ્વાન છે. તેઓના હાથે લખાયેલ શિક્ષણનો આ લઘુ ગ્રંથ નિશાળમાં શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને ખાસ ઉપયોગી છે. ગ્રંથ હિંદી ભાષામાં છે. ઉપરના સ્થળેથી મળી શકશે. કિંમત અઢી આના.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## હાલમાં પ્રસિદ્ધ થયેલા સંસ્કૃત અપૂર્વ ગ્રંથો.

હાલમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. જેમાં નંબર ૧-૨ જેમાં કે પુરતી દ્રવ્યની સહાય મળેલ હોવાથી મુનિમહારાજાઓ તથા જ્ઞાનભંડારોને ભેટ આપવાની છે તેમજ નંબર ૩-૪-૫-૬ આ ગ્રંથોમાં દ્રવ્યની અર્ધ સહાય મળવાથી મુનિમહારાઓ તથા જ્ઞાનભંડારને માટે મંગાવનારને મુદ્દલ કિંમતથી અડધી કિંમતે આપવામાં આવશે. અને નં. ૭ આ ઇતિહાસિક ગ્રંથ હોવાથી અગાઉ માસિકમાં જણાવ્યા પ્રમાણે કિંમતેથી આપવામાં આવશે, પોસ્ટેજ જુદું. મુનિમહારાજાઓને નમ્ર વિનંતિ કે તેઓશ્રીના સમુદાયના વડિલ કે ગુરૂદ્વારા કોઇપણ શ્રાવકના નામે મંગાવવા કૃપા કરવી, જેથી ઉપર જણાવ્યા પ્રમાણે પોસ્ટેજના પૈસાના વી. પી. થી તેઓશ્રીએ મંગાવેલ જૈન બંધુ નામે ગ્રંથો મોકલવામાં આવશે. જ્ઞાનભંડારના કાર્યવાહકોએ પ્રથમ મુજબ મંગાવવા તસ્દી લેવી. મુનિમહારાજાઓ તથા જ્ઞાનભંડારોને ભેટ આપવાના ગ્રંથો પૈકી વધારો રહેશે તો તે ગ્રંથો તેમજ અન્ય ગ્રંથો આ જ્ઞાનખાતું હોવાથી નીચેની કિંમતે વેચાણ આપવામાં આવશે.

અમારા માનવંતા લાઇફ મેમ્બરો માટે હવે પછી ભેટ આપવાની જાહેરખબર-સુચના પ્રગટ કરીશું જેથી તે પછી તેઓ સાહેબે ગ્રંથો મંગાવવા કૃપા કરવી અથવા અમોને લખી જણાવવું.

હાલમાં યુરોપમાં ચાલતી લડાઇને લીધે છાપવાના કાગળોની અતી મોંઘવારી અને છપાવવાનો પણ દર વધી ગયેલ છતાં પુસ્તકોની કિંમતમાં બીલકુલ વધારો કરેલ નથી પરંતુ સાહિત્યનો ફેલાવો વધારે કેમ થાય તે ઉદ્દેશ ધ્યાનમાં રાખી કીંમત ઘણીજ ઓછી (મુદ્દલ) રાખવામાં આવેલ છે, જે ગ્રંથો જોવાથી માલમ પડશે.

### ગ્રંથોનાં નામ.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી મહાવીર ચરિત્ર | ૦-૧૩-૦, | ૨ કુમારપાળ ચરિત્ર મહાકાવ્ય | ૦-૮-૦ |
| ૩ સમાચારી પ્રકરણ | ૦-૮-૦ | ૪ સુકૃત સંકીર્તન મહાકાવ્ય | ૦-૬-૦ |
| ૫ કૌમુદી મિત્રાનંદ નાટક | ૦-૬-૦ | ૬ પ્રબુદ્ધ રોહિણેય નાટય | ૦-૫-૦ |
| ૭ પ્રાચીન લેખ સંગહ (ઇતિહાસિક ગ્રંથ) | ૦-૮-૦ | | |

---

## प्राचीन जैन लेख संग्रह. (प्रथम भाग).

### जैन ऐतिहासिक साहित्य ग्रंथ.

(योजक मुनिराजश्री जिनविजयजी महाराज.)

आ अपूर्व ग्रंथ जैन ऐतिहासिक होइने जैनधर्मनी प्राचीनता उपर पुरेपुरो प्रकाश पाडे छे. आ भारत वर्षमां उडीसा प्रान्तमां कटक पासे भुवनेश्वर नामनुं एक प्रसिद्ध स्थान छे, के ज्यांथी चार पांच माइलथी दूर खंडगिरि-उदयगिरि नामना बे पहाडो छे जेना शिखरो उपर नानी मोटी गुफा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

छे, जेमां हाथीगुफानो प्रसिद्ध शिलालेख तेमज त्रण नाना लेख अने टीकाओ तथा टीप्पणी सहित आ पुस्तकमां प्रसिद्ध करवामां आवेल छे, आ हाथीगुफाना लेखे जैन धर्मना इतिहास उपर अपूर्व अजवाळुं पाडेलुं छ, इ. स. २०० वर्ष पहेलां कलिंग देशनो मेघवाहन–खारवेल नामनो बहु प्रतापी राजा थइ गयो छे, जेना वखतमां ते प्रान्तमां जैन धर्म प्रधान जैन धर्म हतो. अने आ राजा पण जैनधर्मी हतो. आ पर्वत उपर आ राजानी राणीए जैन साधुओने रहेवा माटे गुफाओ बनावी हती. आ लेख प्राकृत भाषामां छे, अने तेनी लिपि अशोकना समयनी लिपि साथे मलती छे. आ लेखनी पर टीका–टीप्पणी प्रथम पंडित भगवानजी इंद्रजीए करेली जेनो अनुवाद अने साथे साक्षरवर्य पं. केशवलाल ध्रुवना लेख पण आ ग्रंथमां साथे आपी योजक महात्माए तेनी सुंदरतामां–स्वरुपमां वृद्धि करी छे. उंचा कागळ, सादा टइप अने सुंदर बाइडींगथी अलकृत करवामां आवेल छे. किंमत आठ आना ०–८–० पोस्टेज जुदुं. (अमारे त्यांथी मळशे.)

---

## શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું અગ્યારમું અધિવેશન.

ચાલતા માસની તા. ૨૯–૩૦–૩૧ ના રાજ કલકત્તા શહેરમાં જૈન શ્વેતામ્બર સમાજનું અગીયારમું સંમેલન થવાનું છે. તેના દરેક જુદા જુદા કાર્યો માટે તૈયારીઓ શરૂ થઈ ગઇ છે. કમીટીઓ પણ નીમાઈ ગયેલ છે. ટુંકા વખતમાં કાર્ય કરવાનું હોવાથી સતત પ્રયાસ શરૂ છે, પ્રમુખ તરીકે ઉદાર નરરત્ન બંધુ શેઠ સાહેબ ખેતશીભાઈ ખીઅશી જે. પી. ની નીમનોક કરવામાં આવી છે, જે ખરેખર યોગ્ય હોઇ ખુશી થવા જેવું છે, કચ્છી જૈન બંધુઓને તો વળી ખાસ હર્ષ પ્રાપ્ત થાય તેવુ છે. આવકાર દેનારી કમીટીના પ્રમુખ તરીકે શેઠ રામચંદ જેઠાભાઇની નીમંનેક થઇ છે અને સેક્રેટરી તરીકે બાબુ સાહેબ રાયકુમારસિંહજીની નીમંનેક કરવામાં આવી છે આ વખતે આ ટાઈમે કલકત્તા શહેરમાં, નેશનલ કોંગ્રેસ મુસ્લીમ લીગ, ઉદ્યોગીક અને સોશીયલ કોન્ફરન્સ શ્રી ભારત જૈન મહામંડળ સંમેલન વગેરે જુદા જુદા સાત આઠ મેળાવડા હોવાથી તે જેવાનો લાભ મળવા સાથે શ્રી પવિત્ર તીર્થ શ્રી સમેતશીખરજી નજીક હોવાથી તે યાત્રાનો લાભ પણ અમૂલ્ય મળશે તે સંબંધી વિસ્તારથી હકીકત હવે પછી આપવામાં આવશે.

---

For Private And Personal Use Only